અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ આઠમ | અંક : ૮૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## રાજ્યના યુવાનોના હાર્ટએટેકથી મોતમાં સતત વધારો

# રાજ્યમાં ૨૪ કલાકમાં હાર્ટએટેકથી ૮ જણાંનાં મોત



### અમદાવાદ, ધોરાજી, રાજકોટ અને કપડવંજ તેમજ વડોદરા તથા ખંભાળિયામાં મોત થયા : ગરબામાં ખેલૈયાઓ માટે સરકારની ખાસ ગાઈડલાઈન

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં હાર્ટ એટેકથી મૃત્યુ થવાના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા કેટલાય દિવસથી હાર્ટ એટેકથી યુવકોના મોતના સમાચાર સામે આવી રહ્યા છે ત્યારે હવે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮ લોકોના મોતથી હાહાકાર મચી ગયો છે.

રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસથી નાની વયની ઉંમરે હાર્ટ એટેકથી મોત થવાના ઘણા કિસ્સાઓ પ્રકાશિત થયા છે જેમાં ક્રિકેટ રમતા-રમતા, લગ્નમાં ડાન્સ કરતા સમયે, બસમાં મુસાફરી દરમિયાન, જીમમાં કસરત કરતા તેમજ વાહન ચલાવતા સમયે અચાનક જ હદયરોગનો હુમલાથી સ્થળ પર જ મોત થયાની ઘટનાઓ બની છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો હાર્ટ એટેકથી ૮ લોકોના મોત થયા છે જેમાં અમદાવાદ, ધોરાજી, રાજકોટ અને કપડવંજ તેમજ વડોદરા તથા ખંભાળિયામાં મોત થયા છે.

અમદાવાદમાં ગરબા રમતો યુવક અચાનક જ ઢળી પડ્યો હતો જેને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જો કે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના ધોરાજીમાં એક ઉત્તર પ્રદેશના ૨૮ વર્ષિય શ્રમિક ભાદર ડેમના પાટિયાનું સમારકામ દરમિયાન અચાનક ઢળી પડ્યો હતો જેને ધોરાજી સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો, જો કે તબીબ દ્વારા પોસ્ટમોર્ટમ કર્યા બાદ યુવકનું મૃત્યુ હાર્ટ એટેકથી થયુ હોવાનું સામે આવ્યુ હતું.

રાજકોટ શહેરમાં પોપટરા મધ્યસ્થ જેલમાં ચાલુ ફરજ દરમિયાન અચાનક હદયરોગનો હુમલો આવતા સવાઈસિંહ હાલાજી નામના જવાનનું મૃત્યુ થયું હતું. આ ઉપરાંત શહેરના રૈયા રોડ પર આવેલા અમૃતા પાર્ક સોસાયટીમાં રહેતા બિલ્ડર જયેશ ઝાલાવડિયા ઘરે અચાનક બેભાન થતા પડી ગયા હતા જેને હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. વડોદરા શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં બે વ્યક્તિઓના મોત હદયરોગના હુમલાને કારણે થયા છે જેમાં એક માંજલુપર વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષિય જગદીશ પરમારનું હાર્ટ એટેકથી મોત થયું જ્યારે બીજા કિસ્સામાં રિક્ષા ચાલકનું રિક્ષા ચલાવતા જ હાર્ટ એટેક આવ્યો હતો અને સારવાર દરમિયાન મોત થયું હતું. આ સિવાય ખેડા જિલ્લાના કપડવંજમાં ૧૭ વર્ષિય વીર શાહ નામના યુવકને અચાનક જ નાકમાંથી લોહી નીકડતા તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જો કે સારવાર કારગત નિવડે તે પહેલા જ તેનું મૃત્યુ થયુ હતું. આ ઉપરાંત દ્વારકા જિલ્લામાં આવેલા ખંભાળિયામાં પણ હદયરોગના હુમલાથી એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. ખંભાળિયાના મોટા આંબલા ગામે રહેતા ૩૧ વર્ષિય આતિમભાઈનું કંપનીમાં કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ હાર્ટ એટેક આવતા મૃત્યુ થયું હતું.

રાજ્યમાં ગરબા રમતા રમતા હાર્ટ એટેકથી થતા મોત વધી રહ્યા હોવાથી ખેલૈયાઓ માટે એક ખાસ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે જેમાં ગરબા રમતા દરમિયાન કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૪૦ વર્ષથી વધુ ઉંમરના તેમજ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના દર્દીઓ માટે પણ ગાઈડલાઈનમાં મહત્વની સૂચના આપવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### રાહુલ ગાંધી ક્યારેય કોઈ બીજા ધર્મ પર સવાલ કેમ નથી ઉઠાવતા : મિશ્રા



। શિવપુરી, તા.૨૧ ।

મધ્ય પ્રદેશના ગૃહમંત્રી ડો. નરોત્તમ મિશ્રાએ શિવપુરી જિલ્લામાં એક કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અંગે વિવાદાસ્પદ નિવદન આપ્યુ હતું. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી રાજસ્થાન ગયા તો હિન્દુ અને હિન્દુત્વ પર સવાલ ઉઠાવી દીધા. આ દરમિયાન નરોત્તમ મિશ્રાએ સવાલ કરતા કહ્યું કે, રાહુલ ગાંધી ક્યારેય કોઈ બીજા ધર્મ પર સવાલ કેમ નથી ઉઠાવતા? અમારી વસતી ગણતરીની વાત કરી. બીજાની કેમ ન કરી? કારણ કે, જો બીજાની વાત કરી તો માથું ધડથી અલગ થઈ જશે. અંતે આ તમામ પ્રહાર આપણા ધર્મ પર જ કેમ કરી રહ્યા છે? ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિનનું નામ લીધા વિના નરોત્તમ મિશ્રાએ આગળ કહ્યું કે, તેમના ગઠબંધનનો એક વાહિયાત વ્યક્તિ છે. તે બોલી રહ્યો છે કે, સનાતન ડેન્ગ્યુ છે મચ્છર છે. અંતે આ બધા પ્રહારો આપણા જ ધર્મ પર કેમ થઈ રહ્યા છે? રાજ્યના ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે એક તરફ એક પક્ષ છે જે તમને જ્ઞાતિઓમાં વહેંચીને દેશને તોડવા માંગે છે.

# ગગનયાન મિશનની પ્રથમ ટેસ્ટ ફ્લાઇટ સફળ, ક્રૂ કેપ્સૂલે દરિયામાં કર્યું સુરક્ષિત લેન્ડિંગ

## એબોર્ટ ટેસ્ટનો અર્થ એ છે કે જો કોઈ સમસ્યા હોય તો અવકાશયાત્રી સાથે આ મોડ્યુલ તેમને સુરક્ષિત રીતે નીચે લાવી શકે છે

। નવી દિલ્હી, તા.૨૧ ।

ગગનયાનની પ્રથમ ટેસ્ટ ફલાઈટ શ્રીહરિકોટાથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવી છે. પડકારોને પાર કરીને ઈસરોએ ગગનયાન મિશનની પ્રથમ ટેસ્ટ ફલાઈટ લોન્ચ કરીને ઈતિહાસ રચ્યો છે. ઈસરોએ રવિવારે સવારે ૧૦ વાગ્યે શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી ગગનયાનના ક્રૂ મોડ્યુલને લોન્ચ કર્યુ હતું. તેને ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-૧ અને ટેસ્ટ વ્હીકલ ડેવલપમેન્ટ ફલાયન્ટ (ટીવી-ડી૧) પણ કહેવામાં આવે છે. ક્રૂ મોડ્યુલ ગગનયાન મિશનની પ્રથમ ટેસ્ટ ફલાઈટ દ્વારા લોન્ચ કરાયેલા રોકેટથી અલગ થઈ ગયું છે.

પેરાશૂટ ખુલતાની સાથે જ આ ક્રૂ મોડ્યુલ શ્રીહરિકોટા કિનારે બંગાળની ખાડીમાં પડવાનું છે. તેને રિકવર કરવા માટે ભારતીય નૌકાદળનું જહાજ અને ડાઈવર્સની ટીમ તૈનાત છે. ઈસરોના ચીફ એસ સોમનાથે કહ્યું કે મને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે ગગનયાન મિશન ટીવી-ડી૧ મિશનની પ્રથમ ટેસ્ટ ફલાઈટની ઉડાણ સફળ રહી છે. આ મિશનનો હેતુ ક્રૂ એસ્કેપ સિસ્ટમની તપાસ કરવાનો હતો. ઈસરોના ચીફ એસ સોમનાથે કહ્યું કે ગગનયાન મિશન ટીવી-ડી૧ મિશનની પ્રથમ ટેસ્ટ ફલાઈટ સફળ રહી છે. આ મિશનનો હેતુ ક્રૂ એસ્કેપ સિસ્ટમની તપાસ કરવાનો હતો. ટેસ્ટ વ્હીકલ એસ્ટ્રોનોટ માટે બનાવવામાં આવેલા ક્રૂ મોડ્યુલને પોતાની સાથે ઉપર લઈ જશે. રોકેટ ક્રૂ મોડ્યુલને લઈને સાડા સોળ કિલોમીટર સુધી જશે અને પછી બંગાળની ખાડીમાં ઉતરશે. અગાઉ શનિવારે પ્રથમ ટેસ્ટ ફલાઈટ આઠ વાગ્યે લોન્ચ થવાનું હતું પરંતુ બાદમાં તેને ૧૦ વાગ્યે શિડ્યૂલ કરાયું હતું. પરંતુ લોન્ચિંગ પહેલા એન્જિન યોગ્ય રીતે કામ કરી શક્યા ન હતા જેના કારણે લોન્ચિંગ મોકૂફ રાખવામાં આવ્યું હતું. આ ટેસ્ટ ફલાઈટની સફળતા ગગનયાન મિશનના આગળના તમામ આયોજનની રૂપ રેખા નક્કી કરશે. આ પછી આવતા વર્ષે બીજી ટેસ્ટ ફલાઈટ હશે જેમાં હ્યુમનનોઈડ રોબોટ વ્યોમિત્રને મોકલવામાં આવશે. એબોર્ટ ટેસ્ટનો અર્થ એ છે કે જો કોઈ સમસ્યા હોય તો અવકાશયાત્રી સાથે આ મોડ્યુલ તેમને સુરક્ષિત રીતે નીચે લાવી શકે છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

# કેનેડામાં લાખો લોકોના જીવનમાં મુશ્કેલી માટે ભારત જવાબદાર : ટ્રુડો


। ટોરેન્ટો, તા.૨૧ ।

ભારતમાંથી ૪૧ રાજદ્વારીઓની વાપસીની ઘોષણાના થોડા જ કલાકોમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ભારત વિરુદ્ધ ઝેર ઓક્યુ હતું. શુક્રવારે તેમની ટિપ્પણીમાં તેમણે કહ્યું હતું કે, બંને દેશો વચ્ચે રાજદ્વારી વિવાદ વધુ વણસી રહ્યો છે. તેમણે ભારત અને કેનેડામાં લાખો લોકોના જીવનને અવિશ્વસનીય રૂપે મુશ્કેલ બનાવવા માટે ભારત સરકાર પર નિશાન સાધ્યુ હતું. અગાઉ કેનેડાના વિદેશ મંત્રી મેલાની જોલીએ ઘોષણા કરી હતી કે, ૪૧ કેનેડિયન રાજદ્વારીઓ અને તેમના પરિવારના ૪૨ સભ્યોને ભારતમાંથી પરત બોલાવી લેવામાં આવ્યા છે કારણ કે તેમને મળેલા રાજદ્વારી વિશેષાધિકારો અનિશ્ચિત સમય સુધી જવાનું જોખમ હતું અને તેનાથી તેમની વ્યક્તિગત સુરક્ષા જોખમમાં પડી જાય તેવું હતું.

તેમણે કહ્યું કે, કેનેડાએ ભારતથી તેમની સુરક્ષિત વાપસીની સુવિધા પ્રદાન કરી છે અને ચંદીગઢ, મુંબઈ અને બેંગલુરુમાં તેની વિઝા અને કોન્સ્યુલર સેવાઓ રોકી દીધી છે અને હવે આ સેવાઓ ફક્ત નવી દિલ્હીમાં કેનેડિયન હાઈ કમિશનમાં જ ઉપલબ્ધ રહેશે. ઓટાવામાં જોલીએ ભારત પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, રાજદ્વારી વિશેષાધિકારો અને છૂટને એકપક્ષીય સમાપ્ત કરવું આંતરરાષ્ટ્રીય કાયદાની વિરુદ્ધ છે અને રાજદ્વારી સંબંધો પર જિનીવા કન્વેન્શનનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આવું કરવાની ધમકી આપવી એ અયોગ્ય છે અને તણાવમાં વધારો કરનારી છે. તેમની આ ટિપ્પણી પર દિલ્હીથી તીખી પ્રતિક્રિયા આવી અને વિદેશ મંત્રાલયે કેનેડાના સમાનતાના અમલીકરણને આંતરરાષ્ટ્રીય ધોરણોના ઉલ્લંઘન તરીકે દર્શાવવાના પ્રયાસને નકારી કાઢ્યો હતો.



આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



### પાટણમાંથી કલંકિત ઘટના સામે આવી

# સગી મામીએ તેર વર્ષની ભાણીનો બળાત્કાર કરાવ્યો

## હાલ પોલીસે હેવાન મામી અને તેના પ્રેમીની ધરપકડ કરી લીધી છે

। પાટણ, તા.૨૧ ।

મહેસાણા જિલ્લાના પાટણમાંથી કલંકિત ઘટના સામે આવી છે. જેમાં સગી મામીએ ૧૩ વર્ષની ભાણીને તેના રિક્ષાચાલક પ્રેમીને સોંપીને દુષ્કર્મ કરાવ્યું હોવાનું સામે આવતા ચકચાર મચી ગઈ છે. કિશોરીના મામાના હાથમાં મામીનો ફોન આવી જતાં ભાંડો ફુટ્યો છે. જે બાદ મામાએ મામી અને તેના પ્રેમી અક્ષય નટબજાણીયા સામે ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે હેવાન મામી અને તેના પ્રેમીની ધરપકડ કરી લીધી છે.



પાટણ પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી અનુસાર, પાટણ શહેરના સૂર્યનગર વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની કિશોરી ગત ૦૩ ઓક્ટોબરના રોજ મામી આરતી પટણી સાથે રિક્ષામાં ફરવા ગઈ હતી. આ દરમિયાન પાટણની બાવાહાજી દરગાહથી આગળ અવાવરૂ જગ્યાએ રિક્ષાચાલકે રિક્ષા રોડની સાઈડમાં ઉભી રાખી હતી.

જે બાદ મામીએ કિશોરીને કહ્યું હતુ કે તારે રિક્ષાચાલક અક્ષયની સાથે જવું પડશે અને તે જેમ કહે તેમ કરવું પડશે. જો તું આવું નહીં કરે તો હું અને અક્ષય થઈને તારા મામાની હત્યા કરી નાખીશું. જે બાદ કિશોરી ગભરાઈ ગઈ હતી અને રિક્ષાચાલક સાથે બાવળોની ઝાડીમાં ગઈ હતી. જ્યાં અક્ષયે તેની સાથે જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું. થોડા દિવસ બાદ આરતીનો ફોન તેના પતિના હાથમાં આવી જતાં આરતી અને તેના પ્રેમી અક્ષયની કરતૂતનો ભાંડો ફૂટ્યો હતો. જે બાદ તેઓ સીધા પાટણ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે આરતી અને તેના પ્રેમી અક્ષય નટબજાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે બાદ કિશોરી ગભરાઈ ગઈ હતી અને રિક્ષાચાલક સાથે બાવળોની ઝાડીમાં ગઈ હતી. જ્યાં અક્ષયે તેની સાથે જબરજસ્તીથી દુષ્કર્મ આચર્યું હતું. થોડા દિવસ બાદ આરતીનો ફોન તેના પતિના હાથમાં આવી જતાં આરતી અને તેના પ્રેમી અક્ષયની કરતૂતનો ભાંડો ફૂટ્યો હતો. જે બાદ તેઓ સીધા પ ાટણ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા.

જ્યાં તેમણે આરતી અને તેના પ્રેમી અક્ષય નટબજાણીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પાટણ પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી અનુસાર, પાટણ શહેરના સૂર્યનગર વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની કિશોરી ગત ૦૩ ઓક્ટોબરના રોજ મામી આરતી પટણી સાથે રિક્ષામાં ફરવા ગઈ હતી. આ દરમિયાન પાટણની બાવાહાજી દરગાહથી આગળ અવાવરૂ જગ્યાએ રિક્ષાચાલકે રિક્ષા રોડની સાઈડમાં ઉભી રાખી હતી.

### સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠને કરી જાહેરાત

# ધોરડો વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ

## કુલ ૨૬૦ અરજીઓમાંથી ૫૪ ગામની પસંદગી કરવામાં આવી છે, જેમાં ધોરડો પણ સામેલ છે

। કચ્છ, તા.૨૧ ।

ગુજરાતના વધુ એક સ્થળને વૈશ્વિક ફલક પર પ્રવાસન સ્થળનું બિરૂદ મળ્યું છે. કચ્છના ધોરડોને વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠને તેની જાહેરાત કરતાં ભારતના પ્રવાસન મંત્રાલયે ટ્વીટ કરીને ખુશી વ્યક્ત કરી છે. વિશ્વ પર્યટન સંગઠન એટલે કેં દ્રઉંએ ઉત્કૃ ષ્ટ પ્રવાસન ગામ ૨૦૨૩ની જાહેરાત કરી છે. કુલ ૨૬૦ અરજીઓમાંથી ૫૪ ગામની પસંદગી કરવામાં આવી છે. જેમાં ધોરડો પણ સામેલ છે.



ગુજરાતના વધુ એક સ્થળને વૈશ્વિક ફલક પર પ્રવાસન સ્થળનું બિરૂદ મળ્યું છે. કચ્છના ધોરડોન વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠને તેની જાહેરાત કરતાં ભારતના પ્રવાસન મંત્રાલયે ટ્વીટ કરીને ખુશી વ્યક્ત કરી છે. વિશ્વ પર્યટન સંગઠન એટલે કેં દ્રઉંએ ઉત્કૃ ષ્ટ પ્રવાસન ગામ ૨૦૨૩ની જાહેરાત કરી છે.

વિશ્વ પર્યટન સંગઠને પોતાની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરેલા નિવેદનમાં કહ્યું કે- આ સન્માન તેવા ગામોને આપવામાં આવ્યું છે જે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ, સાંસ્કૃતિક વિવિધતા, સ્થાનિક મૂલ્યો અને ખાનપાનની પરંપરાઓની જાળવણીમાં અગ્રણી છે.

નિવેદનમાં કહેવાયું છે કે ૨૦૨૧માં શરૂ કરાયેલી આ પહેલ દ્રઉંના ગ્રામીણ વિકાસ પર્યટન કાર્યક્રમનો ભાગ છે. આ કાર્યક્રમ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ અને સમાવેશને પ્રોત્સાહન આપવા, વસ્તી ઘટાડા સામે લડવા તેમજ એડવાન્સ ઈનોવેશન માટે પ્રોત્સાહિત કરવાનું કામ કરે છે. કુલ ૨૬૦ અરજીઓમાંથી ૫૪ ગામની પસંદગી કરવામાં આવી છે. જેમાં ધોરડો પણ સામેલ છે.

વિશ્વનું સૌથી મોટું મીઠાનું રણ એટલે સફેદ રણ છે, જે ધોરડોમાં આવેલુ છે. સફેદ રણમાં દર વર્ષે યોજાતો રણોત્સવ ખૂબ જ લોકપ્રિય બન્યો છે. ધોરડો એ ગરવા ગુજરાતની ગૌરવાન્વિત કરનારી કલાની ધરતી છે.

કચ્છનું ધોરડો વૈભવશાળી રજવાડી ઈતિહાસ ધરાવે છે. તે શ્રેષ્ઠ પ્રવાસન સ્થળ તરીકે સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે.

રણમાં સૂર્યાસ્તનો અદભૂત નજારો નિહાળવો એ પ્રવાસીઓ માટે એક લ્હાવો છે. ધોરડોએ ગુજરાતના સાંસ્કૃતિક વારસાને વાચા આપી છે. રણમાં સૂર્યાસ્તનો અદભૂત નજારો નિહાળવો એ પ્રવાસીઓ માટે એક લ્હાવો છે. ધોરડોએ ગુજરાતના સાંસ્કૃતિક વારસાને વાચા આપી છે.

### ગુજરાત એટીએસ ને મોટી સફળતા હાથ લાગી

# ગુજરાત ATSએ આણંદ જિલ્લામાંથી પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી

## આ પાકિસ્તાની જાસૂસ ૧૯૯૯થી ગુજરાતમાં રહેતો હોવાનો અને ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલતો હોવાનું સામે આવ્યું છે

। આણંદ, તા.૨૧ ।

ગુજરાત એટીએસ ને મોટી સફળતા હાથ લાગી છે. ગુજરાત ATSએ આણંદ જિલ્લામાંથી પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી છે. જે બાદ તેની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ પાકિસ્તાની જાસૂસ ૧૯૯૯થી ગુજરાતમાં રહેતો હોવાનો અને ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલતો હોવાનું સામે આવ્યું છે. તે મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી પાકિસ્તાનમાં માહિતી મોકલતો હતો. હાલ ગુજરાત ATS દ્વારા પાકિસ્તાની જાસૂસની પૂછપરછ કરવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર, ગુજરાત ATSની ટીમે આણંદ જિલ્લાના તારાપુર ખાતેથી પાકિસ્તાની જાસૂસ લાભશંકર મહેશ્વરીને ઝડપી પાડ્યો છે. તેની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, મૂળ પાકિસ્તાની લાભશંકર મહેશ્વરી ૧૯૯૯માં પત્ની સાથે ભારત આવ્યો હતો. તે શરૂઆતમાં તારાપુરમાં તેના સાસરિયામાં રહેતો હતો. જે બાદ તેણે લાંબા સમય સુધી વિઝા માટે એપ્લાય કરવાનું ચાલું રાખ્યું હતું. મળતી માહિતી અનુસાર, ગુજરાત ATSની ટીમે આણંદ જિલ્લાના તારાપુર ખાતેથી પાકિસ્તાની જાસૂસ લાભશંકર મહેશ્વરીને ઝડપી પાડ્યો છે. તેની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, મૂળ પાકિસ્તાની લાભશંકર મહેશ્વરી ૧૯૯૯માં પત્ની સાથે ભારત આવ્યો હતો. તે શરૂઆતમાં તારાપુરમાં તેના સાસરિયામાં રહેતો હતો.

## લુણાવાડા-સંતરામપુર હાઈવે પર કારમાં આગ લાગી

। મહીસાગર, તા.૨૧ ।

મહીસાગરના લુણાવાડા-સંતરામપુર હાઈવે પર કારમાં આગ લાગી હોવાની ઘટના સામે આવી છે. આગમાં કાર સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ છે. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. તો આગ કયા કારણોસર લાગી હતી તે અંગે હજુ સુધી કોઈ જાણકારી મળી નથી. બીજી તરફ મહીસાગરના કડાણાના દલા ખાંટના મુવાડા ગામે પણ એક મકાનમાં આગ લાગવાની ઘટના સામે આવી હતી. આગના કારણે ઘરનો તમામ સામાન બળીને ખાખ થયો હતો. જેના કારણે અંદાજે ૨ લાખ રૂપિયાથી વધુનું નુકસાન થયું હતું. પોલીસે આગ કયા કારણોસર લાગી હતી તે અંગે તપાસ હાથ ધરી છે. પોલીસે આગ કયા કારણોસર લાગી હતી તે અંગે તપાસ હાથ ધરી છે.



મ્યાનમારના દક્ષિણ શાન રાજ્યના ઇનલે લેકમાં પેગોડા ઉત્સવના પ્રવાસ દરમિયાન મોટી બોટ બુદ્ધની છબીઓ વહન કરે છે.

**વિશેષ લેખ** રોકેટમાં કોઈ ખામી સર્જાય તો એની અંદર રહેલા અંતરિક્ષયાત્રીને સુરક્ષિત રીતે પૃથ્વી પર લાવવાની સિસ્ટમનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું

# ગગનયાન મિશનના ટેસ્ટ વ્હીકલનું ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-૧ (TV-D1)નું સફળતાપૂર્વક લોન્ચિંગ



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

આ મિશનમાં ૧૭ Km ઉપર ગયા પછી ક્રૂ મોડ્યૂલને શ્રીહરિકોટાથી ૧૦ કિમી દૂર બંગાળની ખાડીમાં લેન્ડ કરવામાં આવ્યું,


ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સવારે ૧૦ વાગ્યે ગગનયાન મિશનના ટેસ્ટ વ્હીકલનું સફળતાપૂર્વક લોન્ચ કર્યું છે. એને ટેસ્ટ વ્હીકલ એબોર્ટ મિશન-૧ (TV-D1) નામ આપવામાં આવ્યું હતું. સરળ ભાષામાં કહીએ તો... મિશન દરમિયાન રોકેટમાં કોઈ ખામી સર્જાય તો એની અંદર રહેલા અંતરિક્ષયાત્રીને સુરક્ષિત રીતે પૃથ્વી પર લાવવાની સિસ્ટમનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. આ મિશન ૮.૮ મિનિટનું હતું. આ મિશનમાં ૧૭ Km ઉપર ગયા પછી ક્રૂ મોડ્યૂલને શ્રીહરિકોટાથી ૧૦ કિમી દૂર બંગાળની ખાડીમાં લેન્ડ કરવામાં આવ્યું હતું

ઈસરો ચીફ એસ. સોમનાથે કહ્યું હતું કે ટેક્નિકલ કારણોસર પહેલા આ મિશનને હોલ્ડ કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ ગગનયાન મિશનના ટેસ્ટ વ્હીકલનું લોન્ચિંગ ૫ સેકન્ડ પહેલાં અટકાવી દેવામાં આવ્યું હતું. એને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૮ વાગે લોન્ચ કરવામાં આવવાનું હતું. ખરાબ હવામાનને કારણે એનો સમય બદલીને ૮.૪૫ કરવામાં આવ્યો હતો.

આ મિશન ૮.૮ મિનિટનું હતું. પરીક્ષણ ફ્લાઈટમાં ત્રણ ભાગ છે - સિંગલ સ્ટેજ લિક્વિડ રોકેટ, ક્રૂ મોડ્યૂલ અને ક્રૂ એસ્કેપ સિસ્ટમ એબોર્ટ મિશન માટે બનાવવામાં આવ્યાં છે. ક્રૂ મોડ્યૂલની અંદરનું વાતાવરણ મેન્ડ મિશન જેવું રહેશે નહીં. આ મિશનમાં ૧૭ કિમી ઉપર ગયા બાદ ક્રૂ મોડ્યૂલને શ્રીહરિકોટાથી ૧૦ કિમી દૂર દરિયામાં લેન્ડ કરવામાં આવ્યું.







### મિશન કેટલું મહત્વનું છે?

ISRO નું આ મિશન અત્યારે સુધીના બધા મિશનથી ખુબજ અલગ અને ખાસ છે. અત્યાર સુધીમાં ભારત દ્વારા કરવામાં આવેલા બધા જ સ્પેસ મિશન માનવ રહિત હતા. પરંતુ આ મિશનમાં માણસને પૃથ્વીથી સ્પેસ શટલ મારફતે અંતરીક્ષમાં મોકલવામાં આવશે. ત્યાં સાત દિવસ વિતાવીને પ ાછો પૃથ્વી પર આવશે. આ પ્રક્રિયા ખુબ જોખમી છે આથી જ દુનિયામાં ઘણા ઓછા દેશ છે જેણેઆ પ્રકારના સ્પેસ મિશન સફળતાપૂર્વક કર્યા હોય.

### ગગનયાન મિશન શું છે?:

ISRO આ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા (LEO)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ISROનો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઈસરોનો દાવો છે કે સુરક્ષાની દૃષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે. મિશન શરૂ કરતા પહેલા અનેક ટેસ્ટ કરીને તેમની સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે. આમાં એર ડ્રોપ ટેસ્ટ (IADT), પેડ એબોર્ટ ટેસ્ટ (PAT) અને ટેસ્ટ વ્હીકલ (TV) ફ્લાઈટનો સમાવેશ થાય છે. આ પરીક્ષણોના પરિણામો જ જણાવશે કે આ મિશન અવકાશયાત્રીઓને લઈ જવા માટે કેટલું સક્ષમ છે. ગગનયાન મિશન બનાવવામાં ISROએ DRDO અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની પણ મદદ લીધી છે. જો ISRO અવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થાય છે, તો તે અમેરિકા, રશિયા અને ચીન પછી માનવીને અવકાશમાં મોકલનાર ચોથો દેશ બની જશે.

ટેસ્ટ વ્હીકલ ક્રૂ મોડ્યૂલને ઉપર લઈ જવાયુ હતું.જ્યારે રોકેટ ધ્વનિની ગતિ કરતાં ૧.૨ ગણી ગતિ કરે છે, ત્યારે એબોર્ટ જેવી સ્થિતિ સર્જાય છે.. ક્રૂ મોડ્યૂલ અને ક્રૂ એસ્કેપ સિસ્ટમ લગભગ ૧૭ કિમીની ઊંચાઈએ અલગ થઈ ગયું હતું

ક્રૂ મોડ્યૂલને અહીંથી લગભગ ૨ કિમી દૂર લઈ જવામાં આવ્યું.અને શ્રીહરિકોટાથી ૧૦ કિમી દૂર સમુદ્રમાં લેન્ડ કરવામાં આવ્યું હતું.

આ મિશનમાં વૈજ્ઞાનિકો ટેસ્ટ કરશે કે શું અબોર્ટ ટ્રેજેક્ટરી યોગ્ય રીતે કામ કરી રહી છે. જો વાસ્તવિક મિશન દરમિયાન રોકેટમાં ખામી સર્જાય તો અવકાશયાત્રીઓ સુરક્ષિત રીતે કેવી રીતે લેન્ડ કરશે? કુલ ચાર ટેસ્ટ ફ્લાઈટ્સ મોકલવાની છે. TV-D1 પછી D2, D3 અને D4 આવશે.

ગગનયાન મિશનના પ્રથમ માનવરહિત મિશનનું આયોજન આવતા વર્ષની શરૂઆતમાં કરવામાં આવ્યું છે. અનમેન્ડ મિશનનો અર્થ છે કે કોઈપણ માણસને અવકાશમાં મોકલવામાં આવશે નહીં. અનમેન્ડ મિશનની સફળતા બાદ એક મેન્ડ મિશન હશે, જેમાં મનુષ્ય અવકાશમાં જશે.

### ત્રણ અવકાશયાત્રી ગગનયાન મિશનમાં ૪૦૦ કિમી સુધી જશે

'ગગનયાન'માં, ૩ સભ્યની ટીમને ૩ દિવસના મિશન માટે પૃથ્વીની ૪૦૦ કિમી ઉપ રની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે. આ પછી ક્રૂ મોડ્યૂલને દરિયામાં સુરક્ષિત રીતે ઉતારવામાં આવશે. જો ભારત તેના મિશનમાં સફળ થશે તો તે આવું કરનારો ચોથો દેશ બની જશે. આ પહેલાં અમેરિકા, ચીન અને રશિયા આવું કરી ચૂક્યા છે. 'ગગનયાન'માં, ૩ સભ્યની ટીમને ૩ દિવસના મિશન માટે પૃથ્વીની ૪૦૦ કિમી ઉપ રની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે. આ પછી ક્રૂ મોડ્યૂલને દરિયામાં સુરક્ષિત રીતે ઉતારવામાં આવશે. જો ભારત તેના મિશનમાં સફળ થશે તો તે આવું કરનારો ચોથો દેશ બની જશે. આ પહેલાં અમેરિકા, ચીન અને રશિયા આવું કરી ચૂક્યા છે.

# એક એવું અત્તર કે જેને એક વખત છાંટશો તો ત્રણ દિવસ સુધી ખુશ્બૂ નહીં જાય



। કન્નૌજ, તા.૨૧ ।

ઓડ પરફ્યુમની દુનિયામાં એક મોટું નામ છે. આ એક ખૂબ જ મોંઘું પરફ્યુમ છે, પરંતુ લોકોની સતત વધતી માંગ અને તેમની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને કન્નૌજની બહારના વેપારીઓએ તેના જેવું જ એક ફ્લેવર બનાવ્યું છે, જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. લોકોએ આ પરફ્યુમને **Gucci Oud** નામ આપ્યું છે. આ સુગંધ બરાબર ઔડ જેવી જ છે. તેમાં અનેક ફ્લેવરની સુગંધ લોકોને પસંદ પડી રહી છે. અનેક પ્રકારની વસ્તુઓ મિક્સ કરીને બનાવેલા આ પરફ્યુમને લોકો પસંદ કરી રહ્યા છે. **Gucci Flora (Oud)** નામનું આ પરફ્યુમ ઘણી બધી વસ્તુઓ મિક્સ કરીને બનાવવામાં આવ્યું છે. તેની સુગંધમાં સફેદ માસ્ક, એમ્બર, ખુસ અને તેની ટોચની નોંધની સુગંધ હોય છે. જો આપણે તેની સુગંધ વિશે વાત કરીએ, તો તે ખૂબ જ હળવી અને સુખદ સુગંધ હશે. આ લાંબા સમય સુધી ચાલશે. એકવાર લગાવ્યા બાદ તેની સુગંધ કપડાંમાંથી બે-ત્રણ દિવસ સુધી ગાયબ નહીં થાય. આ અત્તરની સુખદ સુગંધ તમારી આસપાસના વાતાવરણને ખુશનુમા બનાવશે. તેની સુગંધ હવામાં વધુ મુક્તપણે વહેશે. હવા જેટલી વધુ હશે, તેટલા વધુ લોકો આ પરફ્યુમની સુગંધ અનુભવશે. જો આપણે **Gucci Oud Itar** વિશે વાત કરીએ તો તેની કિંમત **10ml** માટે ૬૦૦ રૂપિયાથી લઈને **10ml** માટે ૧૨૦૦ રૂપિયા સુધીની છે. તે અન્ય ઘણી રીતે ઓર્ડર પર પણ તૈયાર કરવામાં આવે છે. જેની કિંમત ૬૦,૦૦૦ થી ૧.૫૦ લાખ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી જાય છે. પરફ્યુમના વેપારી શિવ ત્રિવેદી જણાવે છે કે આ અત્તર ઉદ પરફ્યુમની નોટમાંથી તૈયાર કરવામાં આવ્યું છે.

# ભારતમાં કેનેડિયન નાગરિકોને ડરાવવા અને ધમકાવવામાં આવી શકશે



। ટોરેન્ટો, તા.૨૧ ।

કેનેડાએ ભારત જનારા તેના નાગરિકો માટે નવી ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં કેનેડિયન નાગરિકોને ડરાવવા-ધમકાવવામાં આવી શકે છે અને તેમનું શોષણ પણ થઈ શકે છે. કેનેડાએ આ નવી ટ્રાવેલ એડવાઈઝરી ભારતમાંથી તેના ૪૧ રાજદ્વારીઓને પરત બોલાવવાના નિર્ણય બાદ જાહેર કરી છે. એડવાઈઝરીમાં કેનેડાએ કહ્યું છે કે બેંગ્લુરુ, ચંડીગઢ અને મુંબઈમાં કેનેડાના કોન્સ્યુલેટ જનરલની કામગીરી હાલમાં સ્થગિત કરવામાં આવી છે. આવી સ્થિતિમાં નાગરિકોએ રાજદ્વારી મદદ માટે નવી દિલ્હી સ્થિત કેનેડાના હાઈ કમિશનનો સંપર્ક કરવો પડશે. કેનેડાના વિદેશ મંત્રી મેલીન જોલીની પ્રેસ કોન્ફરન્સ બાદ તરત જ કેનેડા સરકારે સેફ્ટી એન્ડ સિક્યુરિટી સેક્શનમાં ભારત પ્રવાસ કરતા તેના નાગરિકો માટે નવી એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય મીડિયા અને સોશિયલ મીડિયામાં કેનેડા પ્રત્યે નકારાત્મક ભાવનાઓ દેખાઈ રહી છે અને કેનેડા વિરુદ્ધ દેખાવો કરવામાં આવી શકે છે. દરમિયાન કેનેડિયન નાગરિકોએ રોષ અને શોષણનો સામનો કરવો પડીશ કે છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી-એનસીઆરમાં અજાણ્યા લોકો સાથે વાત ન કરશો અને તેમની સાથે તમારી અંગત માહિતી શેર ન કરશો. ભીડવાળા વિસ્તારોમાં જવાનું ટાળો અને જાહેર પરિવહનનો ઉપયોગ પણ ટાળો. જ્યારે પણ તમે બહાર જાવ, ત્યારે તમારા મિત્રો અથવા પરિવારને તમારી મુસાફરીની યોજનાઓ વિશે જણાવો. ઉલ્લેખનીય છે કે ગત જૂન મહિનામાં કેનેડાના સરેમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.



બેંગલુરુમાં ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ પાકિસ્તાન સામેની જીતની ઉજવણી કરે છે.

### ડેવિડ વોર્નરે પૂર્વ કેપ્ટનને પછાડ્યો

# ડેવિડ વોર્નરે પાકિસ્તાન સામેની મેચમાં બનાવ્યો સૌથી મોટો રેકોર્ડ

। બેંગલુરુ, તા.૨૧ ।

ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક બેટ્સમેન ડેવિડ વોર્નરે પાકિસ્તાન વિરુદ્ધ શુક્રવારે વનડે વર્લ્ડકપની મેચમાં કમાલની બેટિંગ કરી હતી. બેંગ્લુરુંમાં આ મેચમાં પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે ટોસ જીતીને પહેલા બેટિંગનું આમંત્રણ આપ્યું. ત્યારબાદ વોર્નરે એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો.

ઓસ્ટ્રેલિયાને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ સારી શરૂઆત કરી હતી. ડેવિડ વોર્નર અને મિશેલ માર્શે પાકિસ્તાનના બોલરોને કોઈ તક આપી ન હતી. બંનેએ સાથે મળીને ઘણા રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાએ ૧૦ ઓવરમાં




એકપણ વિકેટ ગુમાવ્યા વિના ૮૨ રન બનાવ્યા હતા. આ દરમિયાન વોર્નરે ૨૯ બોલનો સામનો કરીને સરળતાથી ૪૦ રન ઉમેર્યા હતા. વોર્નરે ૩૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી જ્યારે માર્શે ૪૬ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી.

વનડે વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવવા મુદ્દે વોર્નરે હવે તેમની ટીમના પૂર્વ કેપ્ટન એડમ ગિલક્રિસ્ટને પાછળ છોડી દીધો છે.

### બાયડેને ઓવલ ઓફિસથી રાષ્ટ્રને સંબોધન કર્યું

# પુતિન-હમાસ લોકતંત્રને ખતમ કરી દેવા માગે છે : બાયડેન

। વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેને ઓવલ ઓફિસથી રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે મારા માટે બંધક બનાવવામાં આવેલા અમેરિકનોની સુરક્ષાથી મોટી કોઈ પ્રાથમિકતા નથી. તેમણે વધુમાં કહ્યું કે હમાસ અને રશિયા બંને લોકશાહીને નષ્ટ કરવામાં લાગેલા છે. રાષ્ટ્રપતિ બાયડેને પોતાના સંબોધનમાં યુક્રેન અને



ઈઝરાયલને મહત્વપૂર્ણ ગણાવ્યા અને બંનેને મદદ આપવાની વાત પણ કહી હતી.



પોતાના ભાષણમાં જો બાયડેને કહ્યું કે હમાસ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અલગ-અલગ ખતરાનું પ્રતિનિધિત્વ કરે છે. જોકે બંને પાડોશીઓ લોકશાહીને સંપૂર્ણ રીતે નષ્ટ કરવા માગે છે. બાયડેને કહ્યું કે આપણે પક્ષપાતી અને ગુસ્સાની રાજનીતિને એક રાષ્ટ્ર તરીકેની આપણી જવાબદારીના માર્ગમાં આવવા દઈ શકીએ નહીં. અમે હમાસ જેવા આતંકવાદીઓ અને પુતિન જેવા સરમુખત્યારોને જીતવા નહીં દઈએ. હું એવું ક્યારેય નહીં થવા દઉં. બાયડેને કહ્યું કે અમેરિકી નેતૃત્વ જ છે જે વિશ્વને એકજૂટ રાખે છે. અમેરિકી ગઠબંધન જ અમેરિકાને સુરક્ષિત રાખે છે. અમેરિકી મૂલ્યો જ છે આપણને ભાગીદાર બનાવે છે જે અન્ય દેશો સાથે કામ કરવા માંગે છે. અમેરિકા વિશ્વ માટે પ્રકાશ સમાન છે. રાષ્ટ્રપતિ બાયડેને કહ્યું કે તેઓ શુક્રવારે અમેરિકી સાંસદોને યુક્રેન અને ઈઝરાયેલને મદદ કરવા માટે જંગી ભંડોળ મંજૂર કરવા અપીલ કરશે.

### હમાસ અને ઈઝરાયેલ જંગમાં ગાંધીજીને યાદ કરાયા

# પેલેસ્ટાઈનના લોકો ગાંધીજીની અહિંસક લડતને અપનાવે છે : તુર્કી અલ ફૈસલ

। રિયાધ, તા.૨૧ ।

હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગની વચ્ચે સાઉદી અરબના પૂર્વ ઈન્ટેલિજન્સ ચીફ તુર્કી અલ ફૈસલે ગાંધીજીને યાદ કર્યા છે. તેમણે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈનના ઘર્ષણમાં આમ લોકોની થઈ રહેલી હિંસાનો વિરોધ કરતા કહ્યુ છે કે, કોઈ પણ પ્રકારની હિંસા કે સૈન્ય કાર્યવાહી કોઈ પણ સમસ્યાનો ઉકેલ નથી. હું હમાસ અને ઈઝરાયેલ બંનેની કાર્યવાહીને વખોડુ છું. આ મામલાનો ઉકેલ ભારતની આઝાદીના સિપાહી મહાત્મા ગાંધીજીએ બતાવેલા રસ્તા પર ચાલવાથી જ આવશે.



તેમણે કહ્યુ હતુ કે, પેલેસ્ટાઈનના લોકોએ મહાત્મા ગાંધીજીએ અંગ્રેજો સામે ભારતની આઝાદી માટે જે પણ રીત રસમ અપનાવી હતી તે શીખવાની જરૂર છે.

તુર્કી અલ ફૈઝલે કહ્યુ હતુ કે, તમામ લોકોને કોઈ પણ પ્રકારના સૈન્યના કબ્જાનો વિરોધ કરવાનો હક છે. પેલેસ્ટાઈનના લોકોને પણ પૂરો અધિકાર છે કે, તેઓ ઈઝરાયેલ દ્વારા થઈ રહેલા સૈન્ય કબ્જાનો વિરોધ કરે.

### કેનેડાએ ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા

# કેનેડા રાજદ્વારીઓ સંદર્ભે ભારત સામે વળતી કાર્યવાહી નહીં કરે

। ટોરેન્ટો, તા.૨૧ ।

કેનેડાએ ભારતમાં હાજર તેના ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા છે. ભારત દ્વારા ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યા બાદ બંને દેશોના સંબંધોમાં તણાવ વધી ગયો હતો. કેનેડાના વિદેશમંત્રી મેલાની જોલીએ ગુરુવારે રાજદ્વારીઓને પાછા બોલાવી લીધાની માહિતી આપી હતી. તેમણે એમ પણ કહ્યું કે કેનેડા તેની સામે કોઈ બદલાની કાર્યવાહી નહીં કરે. ખરેખર કેનેડાના વિદેશમંત્રીની વળતી કાર્યવાહીનો અર્થ ભારતીય રાજદ્વારીઓને દેશ છોડવાનો આદેશ આપવાનો છે. વિદેશ મંત્રી જોલીએ કહ્યું કે ભારતે રાજદ્વારીઓને શુક્રવાર



સુધીમાં દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે. તેમને કહેવામાં આવ્યું હતું કે જો તે આમ નહીં કરે તો તેમનો રાજદ્વારી દરજ્જો રદ કરી દેવામાં આવશે. તેમણે કહ્યું કે ભારતનું આ પગલું અયોગ્ય છે અને રાજદ્વારી સંબંધો પર વિયેના કન્વેન્શનનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. દરમિયાન કેનેડાના વિદેશમંત્રીએ કહ્યું કે ભારતની કાર્યવાહીને લીધે અમે અમારા રાજદ્વારીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને ભારતથી પાછા બોલાવ્યા છે. તેમણે કહ્યું જો આપણે રાજદ્વારી પ્રતિરક્ષાના નિયમને તોડવા દઈશું તો દુનિયાનો કોઈ રાજદ્વારી સુરક્ષિત નહીં રહે. આ કારણોસર અમે ભારતની કાર્યવાહીનો કોઈ જવાબ આપવાના નથી. ભારત છોડી ગયેલા ૪૧ રાજદ્વારીઓની સાથે ૪૨ એવા લોકો પણ છે જેઓ તેમના પરિવારના સભ્યો છે. ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની આ વર્ષે જૂનમાં સરે શહેરના એક ગુરુદ્વારામાં હત્યા કરવામાં આવી હતી. આ હત્યા બાદ કેનેડામાં રહેતા ખાલિસ્તાન સમર્થકોએ કેનેડા સરકાર પર દબાણ બનાવવાનું શરૂ કરી દીધું હતું. તેમણે કહ્યું કે આ હત્યામાં ભારતનો હાથ છે.

# માનહાનિ કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુપ્રીમથી રાહત

। નવી દિલ્હી, તા.૨૧ ।

મોદી અટક માનહાનિ કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધી વિરુદ્ધની અરજી ફગાવી દીધી છે. જી હા... સુપ્રીમ કોર્ટેઅરજીકર્તા અશોક પાંડે પર ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. રાહુલ ગાંધીની લોકસભાનું સભ્યપદ બહાલ કરવાની અરજી પડકારવામાં આવી હતી. અરજીમાં વાયનાડમાં તાત્કાલિક પેટાચૂંટણીની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની લોકસભાનું સભ્યપદ બહાલ કરવાની **PIL**ને ફગાવી દીધી છે. કોર્ટે અરજી દાખલ કરનાર વકીલને ૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.





બેંગલુરુમાં ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ડેવિડ વોર્નરે તેની સદીની ઉજવણી કરી.

### દિલ્હીના સરોજિની નગર માર્કેટની ઘટના

# રશિયન યુટ્યુબર સાથે ગેરવર્તણૂકની ઘટનાનો વીડિયો વાયરલ થયો છે

। નવી દિલ્હી,તા.૨૧ ।

યુટ્યુબ પર કોકો ઈન ઈન્ડિયાનામથી પેજ ચલાવતી એક રશિયન યૂટ્યેબર સાથે ગેરવર્તણુકની ઘટના સામે આવી છે.આ ઘટના દિલ્હીના સરોજિની નગર માર્કેટમાં બની હતી. આ ઘટના દિલ્હીના સરોજિની નગર માર્કેટમાં બની હતી. યુટ્યુબર દિલ્હીના સરોજીની માર્કેટમાં એક વીડિયો



બનાવી રહી હતી, ત્યારે અચાનક પાછળથી એક યુવક આવીને યુવતી સાથે મિત્રતા કરવાનું કહે છે. આ પછી યુટ્યુબરે તેને ઘણી સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ યુવક પણ અડગ રહ્યો. બાદમાં તે ત્યાંથી નીકળી ગયો હતો. યુટ્યુબરે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જેના પછી લોકો ખૂબ ગુસ્સે થયા છે. એટલું જ નહીં, ગેરવર્તણૂક કરનાર યુવક સામે પગલાં ભરવાની પણ માંગ કરવામાં આવી રહી છે.

યુટ્યુબરે આ ઘટનાનો વીડિયોને યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે.

### યુએસ કોંગ્રેસને ચીનના લશ્કર અંગે અહેવાલ આપ્યો

# ચીન અનેકગણી ઝડપે પરમાણુ હથિયાર વધારી રહ્યું છે



। વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકાના સંરક્ષણ વિભાગે અમેરિકન કોંગ્રેસને ચીનના લશ્કર અંગેનો અહેવાલ આપ્યો હતો. એમાં દાવો કર્યો હતો કે ચીન ધારણાં કરતાં અનેક ગણી ઝડપે પરમાણુ હથિયારો વધારી રહ્યું છે અને અમેરિકા કરતાં આધુનિક સૈન્ય બને તે માટે જિનપિંગ પાણીની જેમ ફંડ વાપરે છે. તે ઉપરાંત ચીન નવી ખૂબ જ શક્તિશાળી ઈન્ટર કોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલ પણ બનાવી રહ્યું છે. ચીને હથિયારો વધારવાની ઝડપ અગાઉ કરતાં વધારી દીધી છે અને અમેરિકા કરતાં વધારે પરમાણુ હથિયારોનો લક્ષ્યાંક સેટ કરાયો છે. ૨૦૩૫ સુધીમાં ચીનનું લશ્કર સંપૂર્ણપણે આધુનિક બને તે દિશાના પ્રયાસો જિનપિંગ શરૂ કર્યા છે. અમેરિકન કોંગ્રેસ સમક્ષ રજૂ કરેલા સંરક્ષણ વિભાગના અહેવાલમાં દાવો થયો હતો કે ચીન પાસે ૫૦૦ પરમાણુ બોમ્બ છે અને ૨૦૩૦ સુધીમાં ચીને ૧૦૦૦ પરમાણુ બોમ્બનો લક્ષ્યાંક સેટ કર્યો છે. અમેરિકા પાસે ૩૭૫૦ પરમાણુ હથિયારો હોવાનો અંદાજ છે. ચીન ૨૦૩૫ સુધીમાં ૧૫૦૦ પરમાણુ બોમ્બ બનાવવાની પેરવીમાં છે અને એ પછીના એક દાયકામાં આ આંકડો બમણો થાય તે માટે અત્યારથી રૂપરેખા તૈયાર થઈ રહી છે. અત્યાર સુધી એવો અંદાજ હતો કે ચીન પાસે ૨૦૦ પરમાણુ બોમ્બ હશે, પરંતુ ધારણા કરતાં અઢી ગણા વધુ પરમાણુ બોમ્બ ચીન પાસે છે. અમેરિકા કરતાં ચીનનું લશ્કર શક્તિશાળી બને તે માટે જિનપિંગે ૨૦૩૫ના વર્ષનો લક્ષ્યાંક સેટ કર્યો છે. ત્યાં સુધીમાં ચીનનું લશ્કર જગતમાં સૌથી પાવરફૂલ હોય એ માટે જિનપિંગે ગુપ્ત રીતે બજેટમાં ગણાવ્યા વગર લશ્કરને ફંડ આપવાનું શરૂ કર્યું છે. ૨૦૪૯ સુધીમાં ચીનનું લશ્કર એવા મુકામ પર પહોંચી જવા માગે છે કે જ્યાં એની નજીકનું કોઈ હરીફ ન હોય.

અમેરિકા અને સાથી દેશો ભેગા મળે તો પણ ચીનના લશ્કરનો મુકાબલો ન કરી શકે એવી લશ્કરી તાકાત બનાવવા માટે પ્રયાસો થઈ રહ્યાં છે.

અમેરિકન સંરક્ષણ વિભાગના કહેવા પ્રમાણે ૨૦૨૭ સુધીમાં તાઈવાનને ગળી જવાનો લક્ષ્યાંક આર્મીને આપી દેવાયો છે. ગમે તેમ કરીને ચીન ૨૦૨૭ સુધીમાં તાઈવાનને પોતાનો અભિન્ન હિસ્સો બનાવી દેવાની પેરવીમાં છે. લશ્કરી રાહે આ કામ નહીં થાય તો તાઈવાનમાં રાજકીય રીતે પણ આ મિશન પાર પાડવા તૈયાર રહેવા કહી દેવાયું છે.

## તંત્રી લેખ...

# જાણો જળવાયુ પરિવર્તનમાં હજુ કેટલી અવગણના

જળવાયુ પરિવર્તન પર અમે કેટલા તૈયાર છીએ તેને લઈને હમેંશા ચર્ચા રહે છે. જળવાયુ પરિવર્તનની અસરથી ભારતના તમામ શહેરો અને વિસ્તારો પ્રભાવિત થનાર છે. વર્ષ ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ થઈ જશે. તેના મોટા ભાગના હિસ્સા શહેરી રહેનાર છે. તે વખતે રહેવાલાયક શહેરો માટે વિકાસ સર્વોપરીના એજન્ડાને આગળ વધારીને આગળ વધવાની જરૂર પડનાર છે. આ એજન્ડાને પાર પાડવાની બાબત ખુબ મુશ્કેલરૂપ રહેનાર છે. ભારતના નીતિ નિર્માતાઓને દેશના શહેરોની જળવાયુ અને ભૌગોલિક વિવિધતાને સમજવાની ખુબ જરૂર છે. અહીં ૧૦ લાખથી ઉપરની વસ્તીવાળા ઓછામાં ઓછા ૫૦ શહેર રહેલા છે. આમાંથી કેટલાક શહેરો જેમ કે ચેન્નાઇ, મુંબઇ જેવા શહેરો દરિયાઇ અથવા તો નદીની પાસે હોવાથી ખુબ સંવેદનશીલ છે. તેમ છતાં હાલના દિવસોસુધી શહેરના પ્લાનિંગ એજન્ડામાં જળવાયુ પરિવર્તન સામે મુકાબલો કરવા માટે કેટલાક સ્થાયી ઉપાયનો અભાવ દેખાય છે. મુંબઈ, સુરત અને કોલકત્તામાં એક સિરિઝની શરૂઆત કરવામાં આવી ચુકી છે. સરકારના સ્માર્ટ સિટી પ્લાન જળવાયુ પરિવર્તનનો મુકાબલો કરવા માટે આ દિશામાં એક નવી શરૂઆત છે. આ સ્માર્ટ સિટી પહેલ સ્વાગતયોગ્ય શરૂઆત તરીકે છે. આવી જ રીતે ઈન્ડિયા કુલિંગ એક્શન પ્લાનનો હેતુ ૨૦૩૮ સુધી કુલિંગ ડિમાન્ડને ૨૫ ટકા સુધી અને રફ્રીજરેન્ટની માંગને ૨૫-૩૦ ટકા સુધી ઘટાડી દેવાની રહેલી છે. કેટલાક શહેરોએ આંતરરાષ્ટ્રીય સહકારની પહેલ કરી છે. જો કે આ પ્રકારની પારસ્પિક સહકારની યોજનાઓ માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની મંજુરી અને નાણાંકીય સહાયતા પર નિર્ભર રહેવાની ફરજ પડે છે. કોઈ શહેરી ક્ષેત્રમાં જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે લેવામાં આવેલા કોઈ પણ પગલા માટે જરૂરી છેકે તેને સ્થાનિક સ્તર પર તૈયાર કરીને તેને અમલી કરવામાં આવે . આની ખાતરી કરવા માટે સ્થાનિક સ્તર પર સશક્તિકરણની સાથે સાથે અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણમાં ફેરફાર કરવાની જરૂર હોય છે. અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણને બદલી નાંખવાની જરૂર છે. અસંતુલન યોગ્ય રીતે રાખવા માટે વિકાસ સર્વોપરીના દ્રષ્ટિકોણને જાળવી રાખવાની જરૂર છે. અમને પારસ્પિક લાભના દ્રષ્ટિકોણની જરૂર છે. જે બંને પક્ષોની લાભની વાત કરી શકે છે. આવા દ્રષ્ટિકોણને અપનાવવાની જરૂર છે. જેના કારણે સંઘર્ષની સ્થિતી ઉભી થઈ શકતી ન હોય. આ પ્રકારના દ્રષ્ટિકોણથી વધારે સારી ઉર્જા પ્રાપ્ત થઈ શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે કોલકત્તા આશરે ચાર વર્ષની બે બેક અવધિના રોકાણ કરીને ૨૦૨૫ સુધી પોતાના કાર્બન ઉત્સર્જનને સરળતાથી ૨૧ ટકા ઘટાડી શકે છે. આ રોકાણથી થયેલી આવકને ફરી રોકાણ કરવાના કારણે શહેરી ક્ષેત્રો માટેકાર્બન ઉત્સર્જનમાં વધારે ઘટાડો થઈ શકે છે. જળવાયુ પરિવર્તનની યોજનાને લઈને ભારતની રાષ્ટ્રીય કાર્યયોજના ૨૦૦૮ના આ જ દ્રષ્ટિકોણને એકીકૃત તરીકે રજૂ કરે છે. જો કે આને જમીની સ્તર પર ઉતારવા માટે ખાસ ઉપાય કરવાની જરૂર દેખાઈ રહી છે. અમારા શહેરોને પ્રાથમિકતાના આધાર પર જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે યોજના બનાવવા અને પહેલ કરવાની જરૂર દેખાઈ રહી છે. પાણી સોખી લેનાર માટી પર શહેર વસાવવા માટે અને કુદરતી પુરના મેદાનમાં નિર્માણને રોકવાની જરૂર દેખાઈ રહી છે.

## શરીર માટે કેમ જરૂરી છે વિટામિન-ઇ

વિટામિન ઈ શરીર માટે ખુબ જરૂરી છે. તે શરીરની અનેક જરૂરિયાતોને પૂર્ણ કરે છે. વિટામિન-ઈ એક પ્રકારથી વિટામિન છે. તે વિટામિન હોવાની સાથે સાથે એન્ટીઓક્સીડન્ટ પણ હોય છે. જે શરીરને અનેક રીતે ઉપયોગી થાય છે. વિટામિન-ઈ ફેટમાં ભળી જાય છે. તે શાકભાજી તેલ, અનાજ, માંસ, ઈંડા, ફળ અને શાકભાજીમાં વ્યાપક પ્રમાણમાં હોય છે. વિટામિન-ઈ સપ્લીમેન્ટ તરીકે પણ મળે છે. આજના લેખમાં અમે વિટામિન-ઈશુ છે તે શુ કામ કરે છે અને તેના ફાયદા શુ રહેલા છે તેની વાત કરી રહ્યા છીએ. તેની કમી હોવાની સ્થિતીમાં ભારે નુકસાન થાય છે. વિટામિન-ઈમાં એન્ટીઓક્સીડન્ટ ગુણ હોય છે. જે ફ્રી રેડિકલ્સથી કોશિકાને બચાવી લેવામાં મદદ કરે છે. બીજી બાજુ જ્યારે ધુમ્રપાન અથવા તો રેડિએશનના સંપર્કમાં આવવા અથવા તો શરીરના ખાદ્ય પદાર્થોને તોડવા પર જે પરમાણુ બને છે તે ફ્રી રેડિકલ્સ હોય છે. વિટામિન-ઈના આઠ જુદા જુદા યૌગિક હોય છે. તેમાં સૌથી સક્રિય રૂપ આલ્ફા ટોકોફેરોલ હોય છે. વાળ અને સ્કીન માટે આ વિટામિન ખુબ ઉપયોગી હોય છે. શરીરના કેટલાક અંગ યોગ્ય રીતે કામ કરે તે માટે આ વિટામિનની જરૂર હોય છે. તે એક એન્ટીઓક્સીડેન્ટ પણ છે. આનો અર્થ એ છે કે તે કોશિકાને નુકસાન પહોંચાડી દેવાની પ્રક્રિયાને ધીમી કરે છે. વિટામિન ઈના સોર્સ અંગે કેટલાક લોકો જ્યારે વાત કરે છે ત્યારે આ પ્રશ્નનો જવાબ એ છે કે વેજિટેબલ ઓઈલ, લીલી પત્તાવાળી શાકભાજીમાં વિટામિન ઈ પુરતા પ્રમાણમાં જોવા મળે છે. બાદામ, અખરોટ, મગફળી, સુર્યમુખીના બિયા, પાલક તેમજ બ્રોકલી જેવા ખાદ્ય પદાર્થોથી વિટામિન-ઈ પુરતા પ્રમાણમાં મળે છે. સામાન્ય રીતે ભોજનથી તમામ લોકોને વિટામિન-ઈ સરળતાથી મળી જાય છે. પરંતુ લિવર રોગ, સિસ્ટિક ફાઈબ્રોસિસ તેમજ ક્રોન ડિસીઝ જેવા કેટલાક વિકારોના કારણે ગ્રસ્ત થયેલા લોકોને વધારાના વિટામિનઈની જરૂર હોય છે. લોહીને પાતળુ કરવા માટેની દવા અને અન્ય દવા લઈ રહેલા લોકો માટે વિટામિન-ઈ સપ્લીમેન્ટ હાનિકારક સાબિત થઈ શકે છે. કોઈ પણ સપ્લીમેન્ટ લેતા રહેતા તબીબોની પાસેથી સલાહ લેવામાં આવે તે જરૂરી છે. વિટામિન-ઈના કેટલાક ફાયદા રહેલા છે. જે પૈકી પ્રથમ ફાયદો એ છે કે તેમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણ હોય છે જે ફ્રી રેડિકલ્સથી કોશિકાને થનાર નુકસાનથી બચાવે છે. કોશિકાની સુરક્ષા કરીને તે શરીરને કેટલીક જીવલેણ બિમારીથી બચાવી લે છે જેમાં હાર્ટ અટેક, કેન્સર અને ડિમેન્શિયાનો સમાવેશ થાય છે. વિટામિન ઈ ઈમ્યુન સિસ્ટમને મજબુત કરવામાં પણ ભૂમિકા અદા કરે છે. તે સંક્રમણથી લડવામાં કોશિકાની મદદ કરે છે. વિટામિન ઈ પ્રોસ્ટાગલેડિન નામના હાર્મોનના ઉત્પાદનમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. તે શરીરને કેટલીક બિમારીથી બચાવે છે. વિટામિન ઈ એક્સરસાઈઝ બાદ માંસપેશીને ઠીક રાખવામાં મદદ કરે છે. વિટામિન ઈ કેટલા પ્રમાણમાં લેવાની જરૂર હોય છે તે સંબંધમાં પ્રશ્નના જવાબ પણ મળી ગયા છે. ૧૪ વર્ષથી વધારે વયના લોકોના પ્રતિદિન ૧૫ મિલાગ્રામ વિટામિન ઈની જરૂર હોય છે.

# આઠમનાં હોમ હવન કરી માને શરણે જઈએ, કેમકે એક શરણું તો એવું હોવું જ જોઈએ, કે જ્યાં ગમે ત્યારે બેજીજક જઈ શકાય



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે મા જગત જનની.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે આઠમું નોરતું દુર્ગા પૂજાના દિવસો ધીરે ધીરે સમાપ્તિ તરફ આગળ વધી રહ્યા છે, અને આજે તો આઠમના હોમ હવન થશે. સંસારી જીવ જાણે છે કે એ વળી પાછો હતો એને એવો જ થઈ જવાનો છે, અને એટલે જ એ મા ભગવતીની દેવી ક્ષમાપન સ્તોત્ર દ્વારા સ્તુતિ કરે છે, અને પોતાના અપરાધોને કબુલ કરે છે, કહે છે કે હે માતા હું તો જીવ છું, અથવા જેવી છું તેવી છું, પણ તું તો અમારી માતા છે. પુત્ર પુત્રી કુપુત્રો કે કુપુત્રી હોય શકે, પણ માવતર કદી કમાવતર થતા નથી, માટે તું જ અમારું અંતિમ શરણ છો, એ અમે જાણીએ છીએ. દેવી ક્ષમાપન સ્તોત્ર કે જેની રચના પણ ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યએ કરી છે એમાંનો ૧૦ મો શ્લોક બિલકુલ આ જ ભાવ સાથે લખાયેલો છે.

આપત્સુ મગ્ન સ્મરણં ત્વદીય
કરોમિ દુર્ગે કરુણાર્ણવેશિ।
નૈતચ્છઠત્વં મમ ભાવયેથાઃ।
ક્ષુધાતૃષાર્તા જનની સ્મરન્તિ.

હે દુર્ગે ! હે દયાના સાગર જેવી મહેશ્વરી! હું જ્યારે જ્યારે કોઈ વિપત્તિમાં પડું છું, તો તારું જ સ્મરણ કરું છું, અને એને તું મારી દુષ્ટતા ન સમજતી, કારણ કે ભૂખ્યા તરસ્યા બાળક પોતાની માને જ યાદ કર્યા કરે છે.

વિશ્વંભરીની સ્તુતિમાં પણ આ જ ભાવને આલેખ્યો છે,

પાપે પ્રપંચ કરવા બધી વાત પૂરો,
ખોટો ખરો ભગવતી પણ હું તમારો
જાડ્યાંધકાર દૂર કરી સદબુદ્ધિ આપો
મામપાહિ ઓમ ભગવતી ભવ દુઃખ કાપો.

ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય જાણતા હતા કે સંસારની અમુક મર્યાદાઓ છે, અને એના વ્યવહારો નિભાવવા માટે કે પછી ભોગ પ્રત્યેના ખેંચાણને કારણે સંસારી જીવ વળી પાછો એનો એ જ થઈ જશે, અને એના માટે થઈને આપણી જેવા સંસારીઓ માટે દેવી ક્ષમાપન સ્તોત્રની રચના કરી ખૂબ મોટો ઉપકાર કર્યો છે. કારણ કે કોઈ એક બારણું તો એવું હોવું જ જોઈએ કે, જ્યાં તમે બેજીજક ગમે ત્યારે જઈ શકો, અને માતા સિવાય એવું કોણ છે જે બાળકને એના ગમે તે રૂપ સ્વરૂપ સાથે સ્વીકારી શકે! અહીં માત્ર લાડની વાત નથી, સાચી માતા હોય એ એના સંતાનની ભૂલ પર એને સજા પણ કરતી હોય છે, અને એ વાત બાળકે પણ સમજવી જોઈએ કે, આ મારા સારા માટે છે, એમ જીવનમાં કંઈક ક્યારેય કોઈ ઘટના ઘટે, તો એ આપણા સારા માટે ઘટી છે, અને માતાએ એટલે નાનકડી સજા કરીને હવે ભૂલ ન કરતો એવું કહ્યું છે, એવો બોધ લઈ શકાય! પણ આપણે લેતા નથી, અને એની એ જ ભૂલ વારંવાર કરીએ છીએ,એ એક વાત જુદી છે.

શ્રી સુકતમ
ગંધદ્વારાં દુરાધર્ષાં નિત્યપુષ્પાં કરીષિણી''મ।
ઈશ્વરી'' સર્વભૂતાનાં તામિહોપહ્વયે શ્રિયમ॥

હું શ્રી દેવીનું આહ્વાન કરું છું, જે સુગંધનો સ્રોત છે, જેને કોઈ પણ વ્યક્તિ હલાવી શકતું નથી, જે હંમેશા સંપત્તિ, અનાજ અને છોડથી ભરપૂર છે, જે વનસ્પતિના પોષણ માટે જરૂરી સાર ધરાવે છે અને તમામ જીવોની શાસક છે.

મનસઃ કામમાકૂ''તિં વાચઃ સત્યમશીમહિ।
પશૂનાં રૂપમન્નસ્ય મયિ શ્રીઃ શ્રયતાં યશઃ॥

મનની ઈચ્છા હોય, વાણીની સત્યતા હોય, જીવનનો ઉદ્દેશ્ય દેવી લક્ષ્મીની કૃપા હોય. તેમની કૃપાથી પ્રાણીઓના રૂપમાં, કીર્તિના રૂપમાં અને કીર્તિના રૂપમાં સંપત્તિ મારામાં રહે.

કર્દમેન પ્રજાભૂતા મયિ સંભવ કર્દમ।
શ્રિયં વાસય મે કુલે માતરં પદ્મમાલિનીમ॥

હે કર્દમ મુનિ, કૃપા કરીને મારામાં હાજર થાઓ. તમારા દ્વારા કમળના પુષ્પોથી માળા પહેરેલ શ્રીદેવીને મારા પરિવારમાં નિવાસ કરાવો.

આજે આઠમે મા મહાગૌરી એટલે કે જે સ્વભાવે સૌમ્ય અને શાંત છે, એવી આનંદ સ્વરૂપ ની માતાના સ્વરૂપનો મહિમા છે. આજે આઠમના હોમ હવન થશે ઘણાને ત્યાં નૈવેદ્ય પણ થશે. યજ્ઞનું આપણી સંસ્કૃતિમાં ખૂબ જ મહત્વ દર્શાવ્યું છે, અને યજ્ઞ કરનાર સમૃદ્ધ પણ હોય છે, પહેલા રાજાઓ દ્વારા રાજ્યના અને પ્રજાના હિત માટે યજ્ઞ થતાં. સર્વનું કલ્યાણ કરનારી ભાવના જેમાં મુખ્યત્વે હોય એને જ યજ્ઞ કહેવામાં આવે. પરંતુ રાજા ગયા અને રાજ પણ ગયા, એટલે કે સર્વનું કલ્યાણ અને સર્વના હિતની આ વિચારધારા એ રીતે તૂટી, પણ ક્યાંક ક્યાંક જ્ઞાતિ સમાજના આગેવાનો વિકટ સમયની સમસ્યા માટે યજ્ઞ કરતા હોય છે. આપણે ત્યાં પુત્ર માટે પણ યજ્ઞ થતો, દુષ્કાળ માટે પણ યજ્ઞ થતો, વિજય થવા માટે પણ યજ્ઞ થતો, અને એ લિસ્ટ બહુ લાંબુ થાય છે. દરેકના યજ્ઞના પ્રકારો પણ અલગ હતાં. પરંતુ જો આપણી સાધના એટલે કે રોજિંદી દૈનિક ક્રિયાઓ યજ્ઞ યાગ જેવી હોય, તો આપણું જીવન પણ યજ્ઞ બની શકે, અને એ રીતે આપણે ધન સંપન્ન અને ગુણ સંપન્ન થઈ શકીએ, અને મા ભગવતીની કૃપા આપણી પર વરસતી રહે. પરમ શક્તિના કોઈપણ સ્વરૂપનું સાનિધ્ય કે સામીપ્ય અનુભવવા માટે આપણે તેણે ચીંધેલા માર્ગે ચાલવું પડે, અને પ્રસાદીમાં મળેલા ગુણોથી માત્ર આપણું જીવન સમૃદ્ધ કરવાનું નથી, એ વાત યાદ રાખી આ પ્રસાદને સૌમાં વહેંચતા ફરવાનું છે, જેથી કરીને એ ક્યારેય ન ખૂટે.

જીવનમાં લાભની વૃત્તિ જો એકવાર પ્રવેશી જાય તો એ લોભ કરાવ્યા વગર રહેતી નથી, અને આ બે ''લ'' આપણા જીવનમાં કદાચ સાધન સંપન્નતાની દ્રષ્ટિએ સમૃદ્ધિ વધારે છે, પરંતુ એનાથી આપણે આપણી જ સમૃદ્ધિનું સુખ મેળવી શકતા નથી, અને શાંતિ તો બિલકુલ નહીં! માટે જે કંઈ ઈશ્વરે આપ્યું છે, એમાંથી કંઈ દાન ધર્મ થાય તો કરી લેવું! કારણ કે સાચી સમૃદ્ધિ તો ત્યાં જ ટકે છે. સકલ બ્રહ્માંડને ગરબા રુપે મસ્તકે લઈને ફરનારી મા જગદંબા ને પૃથ્વી નામક આગ્રહ ખૂબ જ પસંદ છે અને એટલે જ એ તેની પર અનુગ્રહ કરતી દેખાય છે. જ્યારે જ્યારે પૃથ્વી પર કોઈ વિકેટ સમસ્યા આવી ત્યારે તેનો હાલ માતાએ પોતાના કોમળ સ્વરૂપને રૌદ્ર બનાવીને એ સમસ્યાનું નિવારણ કર્યું છે અને આ શાસ્ત્રોત વાતોથી આપણે સૌ પરિચિત પણ છીએ. પરંતુ કાળ સંદર્ભે અત્યારે માતા દર્શન કઈ રીતે આપતી હોય અને આપણી સમજમાં એ સહજ ઉતરી જાય એવી કોઈ વાત હોય તો એ કઈ છે? એવો પ્રશ્નાર્થ પણ થાય. કારણ કે ચમત્કાર અને પરચા એ આજના યુગમાં અંધશ્રદ્ધા વધારી શકે, અને આપણે મા ભવાનીની સાત્વિક શ્રદ્ધાની ઉપાસના કરવાની છે. સૌ કોઈ સાક્ષી હશે કે પોતાના જીવનમાં જ્યારે જ્યારે કોઈ સમસ્યા આવી હોય કે અત્યંત વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હોય ત્યારે કોઈ અણધારી એવી ઘટના ઘટે કે કાં તો એ પરિસ્થિતિનો આપણે સામનો કરી શકીએ એવી શક્તિ આવે,અથવા તો એ સમસ્યાનો હલ નીકળી જતો હોય એવી કંઈક મદદ મળે, એટલે કે આપણું કર્મ ખરાબ થાય, અને એવા પણ દાખલા આપણે જોયા છે કે ખૂબ જ ગર્વ શ્રીમંતના સંતાનો વ્યસનને રવાડે ચડીને આખે આખી સંપત્તિ ડુબાડી દેતા હોય છે.આપણે ઘણાના મોઢે એ તો લોભિયો કે લોભી છે, એવા શબ્દો સાંભળતા હોઈએ છીએ. પરંતુ ઘણીવાર એવા ચરિત્રો પણ જોવા મળે છે, જેણે જિંદગીભર પોતાના જીવન માટે કરકસર કરી હોય, પણ એ કરકસરથી બચેલા ધનનો ઉપયોગ અન્યના કલ્યાણ માટે થયો હોય! અને આપણા બધા જ પૂર્વજો જીવન જરૂરિયાતને નામે બહુ જ ઓછી જરૂરિયાતમાં જીવ્યા છે, પણ એમણે સમાજ સેવા પણ ખૂબ જ કરી, એ આપણે સૌ જાણીએ છીએ. માનવીય માનસિકતા પ્રમાણે ભવિષ્યનું વિચારવું એ પણ જરૂરી છે, પરંતુ માત્ર ભવિષ્યના વિચાર કરીને વર્તમાન પણ બગાડવો અને જે કંઈ બે ચાર સારા કામ થઈ શકે એવા હોય, એ પણ લાભ અને લોભમાં ક્યાંય ચૂકી જવાતું નથી ને? એ જોઈ તપાસીને એમાં જરુર લાગે તો ફેરફાર કરી, આપણે આપણા સુખ સમૃદ્ધિને વધારી શકીએ છીએ, અને વધે તો એ મારા એકલાનું નથી, એ વિચારની સતત આહુતિ આપી આ જીવન યજ્ઞ પ્રજ્વલિત રાખવો. આપણે સૌ આ રીતે શારદીય નવરાત્રીની આઠમનો હોમ હવન કરી, મા ભગવતીના ચરણે નિત્યનું સ્થાન પામી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના એને જ ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું.

ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# હા સોનલ ગરબો શિરે અંબેમાં ચાલો ધીરે ધીરે સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



નવલાં નોરતાંની રમઝટ અંતિમ ચરણમાં પહોંચી છે ત્યારે આજે આઠમું નોરતું છેલ્લા સાત દિવસ થી શક્તિની આરાધના ઉપાસના કરી રહયા છીએ.શક્તિની આરાધના ઉપાસનાથી લૌકિક વૈભવ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે આ જગદંબાની ઉપાસનાનું એક એ પણ કારણ છે કે બાળક બાપ કરતાં માંને વધુ ચાહે છે. કારણ કે માં સ્વભાવથી જ સુહૃદય અને વાત્સલ્યમયી મૂર્તિ છે. પોતાનાં બાળકનું પુરુ ધ્યાન રાખે છે. આધ્યાત્મિક માર્ગમાં પણ તેવું જ છે.તેથી જ માની ઉપાસનાને લક્ષ્ય માં રાખી આપણે ત્યાં બબ્બે નવ રાત્રિ પર્વ છે.

સાધકોની ભાષામાં સમગ્ર વિશ્વનાં પંચતત્વમાં પંચમહાભૂત એટલે પૃથ્વી જળ, અગ્નિ, વાયુ અને આકાશ, એ પાંચ તત્વો અને મન, બુદ્ધિ ચિત અને અહંકાર એ ચાર તત્વો મળીને કુલ નવ-તત્વએ પ્રકૃતિનાં વિકારોનું પરિણામ છે.

માં દુર્ગાનાં નવ સ્વરૂપધર્ા : આ નવરાત્રિના નવ દિવસમાં જુદા જુદા સ્વરૂપે સ્થિત જગદંબા કરવામાં આવે છે એક માત્ર દેવી જુદા જુદા સ્વરૂપે પ્રાણી માત્રનું રક્ષણ કરે છે. ભગવત્ ગીતામાં પણ દૈવી સંપદાનો ઉલ્લેખ છે.

નવરાત્રીનાં પહેલા ત્રણ દિવસ માતૃશક્તિ-સ્વરૂપે રહેલ દુર્ગમા કાલીનાં રૂપમાં પૂજાય છે. વચલા ત્રણ દિવસ આદ્યશક્તિનું મહા લક્ષ્મીરૂપે પુજન કરાય છે અને છેલ્લા ત્રણ દિવસ મહાસરસ્વતી નું પૂજન કરાય છે. આ ત્રણેય દેવીનું પૂજન કરવાથી જીવનમાં પૂર્ણ સફળતા મળે છે. દુઃખો સામે લડવાની અને કષ્ટો સહન કરવાની શક્તિમા પાસેથી મળે છે.

માં દુર્ગાજીની આઠમી શક્તિનું નામ 'મહાગૌરી' છે. કરનાર તેમની ઉંમર આઠ વર્ષની માનવામાં આવે છે. અષ્ટ વર્ષા ભવેદ્ ગૌરી તેમના સમસ્ત આભૂષણો તથા વસ્ત્રો શ્વેત-સફેદ છે. તેમને પણ ચાર હાથો છે. તેમનું વાહન પણ વૃષભ (બળદ) છે તેમનો ઉપરનો જમણો હાથ અભયમુદ્રામાં છે. અને નીચેના જમણા હાથમાં ત્રિશૂળ છે. ઉપરનાં ડાબા હાથમાં ડમરૂ છે. અને નીચેના ડાબા હાથમાં વરમૂદ્રા છે તેમની અત્યંત મુદ્રા શાંત છે. તેમણે શિવજીને મેળવવા કઠોર તપ કર્યું હતું. તેથી તેનો વર્ણ કાળો થઈ ગયો હતો. આજે આઠમા નોરતે આની પૂજા થશે.

દેવી મહાગૌરીની નવરાત્રીના આઠમા દિવસે પૂજા કરવામાં આવે છે માતા મહા ગૌરી સફેદ આખલા પર આરુધ છે જેમણે સફેદ વસ્તુઓ ધારણ કરેલા છે કે નિત્ય પવિત્ર છે તથા ભક્તો પર કૃપા વરસાવનારા છે માતા મહા ગૌરી ની કૃપા થવાથી ભક્તિ શક્તિ અને મહાદેવની કૃપા પ્રાપ્ત થાય છે

આઠમા નોરતે માતા મહા ગૌરીને નાળિયેર શ્રીફળનો ભોગ ધરાવવો જોઈએ તેનાથી ત્રિતાપ દૂર થાય છે તથા સંતાન સુખ મળે છે, આજે આઠમની પલ્લી થશે ત્યારે એક ગરબો તો હોયને..

હા સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે હા સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે હે ચાલો ધીરે ધીરે, ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે, ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે ધીરે...

સખીઓ સંગે કેવા દીસે છે
ફરર ફૂદડી ફીરે
અંબે મા ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે
ચાલો ધીરે ધીરે ચાલો ધીરે ધીરે

સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે હા સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે સખીઓ સંગાથે માડી કેવાં ઝૂમે છે. સખીઓ સંગાથે કેવાં ઝૂમે છે હે સખીઓ સંગાથે માડી કેવાં ઝૂમે છે સખીઓ સંગાથે કેવાં ઝૂમે છે. હા ફરર ફૂદડી ફરે અંબે મા ચાલો ધીરે ધીરે ધીરે...

સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે હા સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે

હે લટકે ને મટકે માડી રાસ રમે છે લટકે ને મટકે માડી રાસ રમે છે હે લટકે ને મટકે માડી રાસ રમે છે લટકે ને મટકે માડી રાસ રમે છે હા ફરર ફૂદડી ફરે અંબે મા ચાલો ધીરે ધીરે ધીરે...

સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે હા સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે...

સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે હા સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે.. સોનલ ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે...

વાચક મિત્રો આજે આસો સુદ આઠમ એટલે આઠમું નોરતું સૌ શક્તિ ઉપાસન આરાધનામાં થયા હશો ત્યારે મા જગત જનની આપ સૌને ઈચ્છિત ફળ આપે તેવી શુભકામના.

## પાર્લર કરતા પણ મસ્ત ગ્લો આવશે



સ્કિનની કેર કરવી ખૂબ જરૂરી છે. ખાસ કરીને તહેવારોની સિઝનમાં દરેક લોકો ચહેરા પર નિખાર લાવવા ઈચ્છતા હોય છે. આ માટે અનેક પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે. આમ, તમે ઈન્સ્ટન્ટ ગ્લો માટે આ રીતે ઘરે ચહેરા પર ક્લિનઅપ કરો. હાલમાં તહેવારોની સિઝન ચાલી રહી છે. માના નોરતાં શરૂ છે ત્યાં અનેક લોકો ગરબા રમવા માટે સોસાયટી તેમજ ક્લબમાં જતા હોય છે. આ સાથે દરેક વસ્તુને ફૂલ ટૂ એન્જોય કરતા હોય છે. એવામાં સારી ફોટોગ્રાફી તેમજ લોકોની વચ્ચે સારા દેખાવા માટે ચહેરા પર નિખાર લાવવો ખૂબ જરૂરી છે. ચહેરા પર નિખાર લાવવા માટે લોકો જાતજાતના નુસખાઓ અજમાવતા હોય છે. પરંતુ આજે અમે તમને ૧૦ મિનિટમાં ઘરે ક્લિન અપ કેવી રીતે કરશો એ વિશે જણાવીશું. આ ક્લિનઅપથી તમને પાર્લર કરતા પણ મસ્ત ગ્લો મળે છે. ચહેરા પર નિખાર લાવવા માટે સૌ પ્રથમ પાણીથી પહેલાં ધોઈ લો. આ પાણી તમારે ઠંડુ લેવાનું નથી. સામાન્ય ગરમ પાણીથી તમારે ચહેરો ધોવાને રહેશે. આમ કરવાથી ફેસ પરની ગંદકી દૂર થઈ જાય છે. આખા દિવસની લાગેલી ડસ્ટ દૂર થાય છે. ત્યારબાદ સોફ્ટ ટોવેલ તેમજ નેપકિનને પાણીમાં પલાળો. ત્યારબાદ આ ટોવેલથી ચહેરા પર ફેરવીને ક્લિન કરો. ચોખાનો લોટ સ્કિન માટે સૌથી બેસ્ટ છે. ચોખાનો લોટ સ્કિનને લગતી અનેક સમસ્યાઓને દૂર કરવાની તાકાત ધરાવે છે. ત્રણથી ચાર ચમચી ચોખાનો લોટ લો અને એમાં દહીં મિક્સ કરો. ત્યારબાદ આ મિક્સને ચહેરા પર લગાવો અને મસાજ કરો. જ્યારે સુકાઈ જાય ત્યારે હુંફાળા ગરમ પાણીથી ધોઈ લો. ચોખાના લોટથી સ્કિનને સાફ કર્યા પછી ટોનરો ઉપયોગ કરો. આ માટે ગુલાબ જળ સૌથી બેસ્ટ છે. હાથમાં થોડુ ગુલાબ જળ લો અને ફેસ પર લગાવો. આ પેક બનાવવા માટે સૌ પ્રથમ એક બાઉલમાં મુલતાની માટી અને ગુલાબ જળ મિક્સ કરી લો. ત્યારબાદ લીંબુનો રસ નાખીને પેસ્ટ બનાવો. સ્કિન ડ્રાય છે તો તમે લીંબુ સ્કિપ કરો. આ પેક ૫ મિનિટ માટે ચહેરા પર રહેવા દો અને પછી હુંફાળા પાણીથી ફેસ ધોઈ લો. આ ફેસ માસ્ક લગાવવાથી સ્કિન ટાઈટ થાય છે.

# અમૃત બની શકે છે ઝેર, આ વ્યક્તિઓએ ટાળવો જોઈએ દૂધનો ઉપયોગ

દૂધનું સેવન શરીર માટે અને સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયક ગણવામાં આવે છે. જો કે, અમુક લોકોમાં દૂધના સેવનથી અનેક આડઅસરો થાય છે. આવો નિષ્ણાત પાસેથી જાણીએ કે, દૂધનું સેવન કોણ કરી શકે છે અને કયા વ્યક્તિએ દૂધનું સેવન ટાળવું જોઈએ. સામાન્ય રીતે દૂધને સંપૂર્ણ આહાર કહેવામાં આવે છે, કારણ કે દૂધમાંથી આપણા શરીરને જરૂરી પ્રોટીન, વિટામિન જેવા તમામ પોષક તત્વો મળી રહે છે. જો કે, ઘણા લોકોને દૂધ પીવાથી સ્વાસ્થ્ય પર ખરાબ અસર થાય છે. ચાલો જાણીએ દૂધનું સેવન કોણ કરી શકે છે અને કયા વ્યક્તિએ કરવું જોઈએ નહીં. દૂધ પીવાથી શરીરને અનેક ફાયદા થાય છે. જેમ કે, મગજ તેજ બને, વાળ મજબૂત બને, તણાવ અને હતાશા ઘટાડે, બ્લડપ્રેશર કંટ્રોલમાં રાખે, સારી ઊંઘ આવે, ડાયાબિટીસનું જોખમ ઘટાડે, હૃદયરોગનું જોખમ ઘટાડે તથા દાંત, હાડકાં અને સ્નાયુઓ મજબૂત બનાવે છે. નેચરોપેથ ડો. રેણુકાબેન સિદ્ધપરા જણાવે છે કે, સામાન્ય રીતે તંદુરસ્ત વ્યક્તિએ દરરોજ ૧૫૦થી ૨૦૦ મિલી દૂધ પીવું જોઈએ.



જો વજન ઓછું હોય, તો તમે વધુ માત્રામાં દૂધ પી શકો છો. જો કે, વધુ પડતું દૂધ પીવાથી પાચનની સમસ્યા ઊભી થાય છે. કારણ કે દૂધમાં લેક્ટોઝ તત્વ રહેલું હોય છે. જેના લીધે કેટલીક વ્યક્તિને ઝાડા, ઊલટી, મરડો, પેટ ફૂલવું, ગેસ થવો, ત્વચા પર ખીલ થવા, ફોલ્લી થવી જેવી સમસ્યા થઈ શકે છે. દૂધમાં વિશેષ પ્રમાણમાં ફેટ રહેલું હોય છે, તેનાથી લિવરમાં વધારે પડતું ફેટ જમા થવા લાગે છે અને સોજો પણ આવી શકે છે. તેથી ફેટી લિવરના દર્દીઓએ દૂધનું સેવન ન કરવું જોઈએ. દૂધ અને અન્ય ડેરી પ્રોડક્ટ્સમાં સેચ્યુરેટેડ ફેટની માત્રા ખૂબ જ વધારે હોય છે, જે ધમનીઓને બ્લોક કરવાનું કામ કરે છે.

પરિણામે કોલેસ્ટ્રોલ અને હૃદયના રોગોનો ખતરો વધારે રહે છે. આ સિવાય લેક્ટોઝની એલર્જી ધરાવનાર વ્યક્તિએ, એલર્જીવાળા લોકોએ, કમળો, ઝાડા, સ્થૂળતા, અસ્થમાથી પીડિત લોકોએ, કેન્સરના દર્દીઓએ, એસિડિટીની સમસ્યા ધરાવતા વ્યક્તિઓએ, સ્કિનની સમસ્યા વગેરે બીમારીથી પીડાતી વ્યક્તિઓએ દૂધ ન પીવું જોઈએ. જો આપ શરીરને ફિટ અને સ્વસ્થ રાખવા માંગો છો, તો આ માટે તમને દરરોજ દૂધનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. હા, કારણ કે આયુર્વેદ મુજબ દૂધને સંપૂર્ણ આહાર માનવામાં આવે છે. સ્વાસ્થ્ય નિષ્ણાતો પણ માને છે કે, જો કોઈ કારણોસર તમે દિવસના કોઈપણ સમયે ખોરાક લેવા માટે અસમર્થ છો, તો તમે એક ગ્લાસ દૂધ પીને તેની ભરપાઈ કરી શકો છો. કેટલાક લોકોને દૂધ પીવું ખૂબ જ ગમે છે, જ્યારે કેટલાક લોકો એવા હોય છે જે દૂધને જોતા જ કંપી જાય છે. જો કે, આજના સમયમાં બજારમાં આવી ઘણી વસ્તુઓ છે, જેનું સેવન દૂધ સાથે કરવામાં આવે છે. જેના દ્વારા બાળકોને સરળતાથી દૂધ તરફ આકર્ષિત કરી શકાય છે અથવા જેના દ્વારા બાળકો દૂધ પીવામાં અચકાતા નથી. એવું માનવામાં આવે છે કે દિવસની તુલનામાં રાત્રે દૂધ પીવું સ્વાસ્થ્ય માટે વધુ ફાયદાકારક છે. ચાલો જાણીએ કે રાત્રે દૂધ પીવાથી શું ફાયદા થાય છે. વેબ એમડીના રિપોર્ટ અનુસાર, જાયફળ એક સુકૂ બીજ હોય છે, જેને પીસીને મસાલો બનાવવામાં આવે છે. જાયફળમાં વિટામિન્સ, મેગ્નેશિયમ, કોપર, ફોસ્ફરસ, ઝિંક, આયરન સહિત ઘણા પોષક તત્વો હોય છે. જાયફળમાં ઘણા શક્તિશાળી એન્ટીઓક્સિડેંટ્સ પણ હોય છે. તે તમામ સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભકારક છે. ખાસ કરીને જાયફળને જ્યારે દૂધમાં ભેળવીને પીવામાં આવે છે, ત્યારે તે વધુ પાવરફુલ બની જાય છે. જાયફળનો ઉપયોગ ખૂબ જ ઓછી માત્રામાં કરવો જોઈએ. એક ગ્લાસ દૂધમાં ફક્ત એક ચપટી જાયફળ પાવડર ભેળવીને પીવું જોઈએ. વધુ સેવન નુકસાનકારક બની શકે છે.

## ચાલો, આપણે પણ આજે આત્મકથા લખીએ




આપણી જીવાતી પ્રત્યેક ક્ષણમાં એકમેક સાથેની વાતચીતમાં આપણા દરેક લખાણમાં વ્યક્તિ કે અવ્યક્ત વિચાર પાછળ એક કથા હોય છે. દરેકને કંઈક ને કંઈક કહેવું હોય છે. પરિણામે પહેલાં ધીરે ધીરે સંકેતની ભાષા ને પછી વાચા-લીપી વિકસી.એકબીજા સાથે સંપર્ક સેતુ રચાયો અને એકબીજાની સાથે વાતની લેતી-દેતી શરૂ થઈ . આમાંથી કથા જીવનકથા- આત્મકથાનો ઉદ્દભવ થયો એમ કહી શકાય. આપણે જેના વિશે પ્રથમ સાંભળેલું કે વાંચી એ આત્મકથા એટલે ગાંધીબાપુની 'સત્યના પ્રયોગો' 'અંધારાથી ડરવું નહીં'થી માંડીને 'ચોરી કરીને ચાકરની બીડી પીવી નહીં,માંસાહાર તથા પરસ્ત્રીગમન વગેરે પાપ છે' એના પાઠ આપણે આ આત્મકથામાંથી શીખ્યા. આવાં 'પાપ' ખેલદિલીપૂર્વક સ્વીકારી સત્યના પ્રયોગો દ્વારા એને કંઈ રીતે સુધારવા એના આ કથામાં પાઠ છે. આમ જુઓ તો આપણે ત્યાં સૌથી વધુ વેંચાતી-વહેંચાતી અને જેનો સૌથી વધુ ઉલ્લેખ થાય છે એ બાપુના સત્યના પ્રયોગવાળી આ આત્મકથા ખરા અર્થમાં એમનાં જીવનની અડધી કે પોણી પણ કથા નથી. જન્મથી ૧૯૨૦ સુધીની જ એમની જીવનકથા છે. ત્યાર પછી તો દેશની આઝાદી દરમિયાન કેટકેટલીએ ઘટના બની છે, છતાંય મહાત્મા ગાંધીએ એમના સત્યના પ્રયોગોનો ઉત્તરાર્ધ ક્યારેય ન આલેખ્યો, ખેર, એ તો બાપુને ગમ્યું તે ખરું, પણ પ્રશ્ન એ છે કે આપણે એટલે કે લોકો આત્મકથા શું કામ લખે છે- શું કામ લખવી જોઈએ? પોતાના જીવનમાં કંઈક અગત્યનું બની ગયું છે અથવા તો પોતે ખરેખર બીજાં કરતાં કંઈક વિશેષ કર્યું છે એની જાણ બીજાને કરવી છે એટલે કોઈ આત્મકથા લખવા પ્રેરાય છે કે બીજા કોઈના ઉશ્કેરવાથી પોતાની કથા આલેખે છે.? આવા પ્રશ્નો અનેક છે. કારણ જે પણ હોય,પણ એ ખરું કે મોટાભાગના લોકપ્રિય કે વિવાદાસ્પદ આદમીની આત્મકથા રોમાંચક જરૂર હશે એવી આપણી અપેક્ષા હોય છે. એ જ રીતે, સતત સમાચારમાં રહેતો આદમી એની કથા રોચક બનાવવાનો જરૂર પ્રયાસ પણ કરે છે. બીજી તરફ, રાજનેતાઓની કથા મોટેભાગે કંટાળાજનક હોય છે. એ ખરા અર્થમાં આત્મકથા કરતાં જીવનચરિત્રણ વધુ હોય છે, જેમાં પોતાની પોલિટિકલ ફિલસૂફીને નામે રાજકીય બણગાં વધુ ફૂંક્યાં હોય છે. આવી આત્મ કે જીવનકથા વાચકો માટે ક્ષણભંગુર છે. હા, અપવાદરૂપ નેલ્સન મંડેલાની આત્મકથા ('લોન્ગરોડ ટુ ફ્રીડમ) કે માર્ટિન લ્યુથર કિંગ (જુનિયર)ની આત્મકથા તથા એમનાં અન્ય લેખોનું પુસ્તક ('આઈ હેવ અ ડ્રિમ' ) વાંચો તો એ બન્ને દિગ્ગજના રાજકીય – સામાજિક સંઘર્ષનો પ્રેરણાત્મક ચિતાર મળે.

## બીટનો જ્યૂસ પીવાનું શરૂ કરી દો, ખીલ દૂર થઇ જશે

બીટનો જ્યૂસ સ્કિનન ટોન મસ્ત કરવાનું કામ કરે છે. બીટનો જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો સ્કિન નેચરલી રીતે ગ્લો કરે છે અને સાથે ખીલ જેવી સમસ્યામાંથી પણ છૂટકારો મળી જાય છે. બીટનો જ્યૂસ પીવાથી સ્કિન અને હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. બીટરુટ્સને બીટ પણ કહેવામાં આવે છે. આ એક ફેમસ વેજિટેબલ છે. બીટમાં અનેક પ્રકારના વિટામીન્સ, મિનરલ્સ હોય છે. આ સાથે બીટનો ઉપયોગ મેડિસિનલ અને બ્યૂટી પ્રોપર્ટીઝ માટે પણ કરવામાં આવે છે. બીટનો જ્યૂસ તમે દરરોજ પીઓ છો તો હેલ્થ અને સ્કિનને અનેક ઘણો ફાયદો થાય છે. બીટનો કલર જોઈને દરેક લોકોને ખાવાની ઈચ્છા થઈ જતી હોય છે. આમ, બીટનો જ્યૂસ તમે ડેઈલી



પીઓ છો તો ક્યારેય લોહીની ઊણપ થતી નથી. બીટ હિમોગ્લોબીન બનાવવા માટે સૌથી બેસ્ટ છે. બીટમાં ભરપૂર માત્રામાં વિટામીન સી હોય છે. બીટનો જ્યૂસ સ્કિન માટે અનેક રીતે ગુણકારી છે. આમ તમે બીટનો જ્યૂસ પીવાથી સ્કિનને થતા આ ફાયદાઓ વિશે જાણશો તો દરરોજ પીવાનું શરૂ કરી દેશો. હેલ્થલાઈન અનુસાર બીટ ન્યૂટ્રિએન્ટ્સ અને લો કેલરી સોર્સ છે. બીટમાં વિટામીન સીની માત્રા સારામાં સારી હોય છે જેનો ઉપયોગ સામાન્ય રીતે સ્કિન કેર માટે કરવામાં આવે છે. સ્કિનને હેલ્થી બનાવવા માટે બીટનો જ્યૂસ કેવી રીતે ફાયદાકારક છે. બીટનો જ્યૂસ તમે ડેઈલી પીઓ છો તો એક્ને અને ખીલ જેવી સમસ્યામાંથી છૂટકારો મળી જાય છે. આ સાથે તમે ગાજર અને ખીરા કાકડી મિક્સ કરી શકો છો. તમારી સ્કિન ડલ થઈ ગઈ છે તો તમે બીટનો જ્યૂસ પીવાનું શરૂ કરી દો. બીટનો જ્યૂસ પીવાથી સ્કિન મસ્ત ગ્લો કરે છે. બીટનો જ્યૂસ પીવાથી બ્લડ સાફ થાય છે અને ટોક્સિન્સને બહાર નિકળે છે.

BOLLYWOOD NEWS FLASH

## વૈભવી જીવન જીવે છે Leo સ્ટાર થલાપતિ વિજય



। મુંબઈ, તા.૨૧ ।

થલાપતિ વિજય સાઉથ સિનેમાનો સુપરસ્ટાર છે. જે હાલમાં ફિલ્મ 'લિયો'ના કારણે ચર્ચામાં છે. આવી સ્થિતિમાં અમે તમને અભિનેતાના રિયલ લાઈફની જાણકારી આપી રહ્યા છે વિજય સાઉથ સિનેમાના મોંઘા સ્ટાર્સમાંથી એક છે. લોકો તેની એક્શન અને સ્ટાઈલને ખૂબ પસંદ કરે છે. આ જ કારણ છે કે તે માત્ર પડદા પર જ નહીં પરંતુ રિયલ લાઈફમાં પણ રાજાની જેમ જીવે છે. આજે અમે તમને તેમના વૈભવી જીવન વિશે જણાવવા જઈ રહ્યા છીએ. વિજયને સાઉથ સિનેમામાં કામ કરતા લગભગ બે દાયકા થઈ ગયા છે. આ જ કારણ છે કે તેની ફીમાં ભારે વધારો થયો છે. રિપોર્ટ અનુસાર એક્ટરે તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'લિયો' માટે ૧૨૦ કરોડ રૂપિયા ચાર્જ કર્યા છે. અભિનેતાના ઘરની વાત કરીએ તો વિજય ચેન્નઈના નીલાંકરઈમાં કૈસુરિના ડ્રાઈવ સ્ટ્રીટ પર બનેલા આલીશાન બંગલામાં તેના પરિવાર સાથે રહે છે. આ અભિનેતાના ઘરની કિંમત કરોડો રૂપિયા છે. બહુ ઓછા લોકો જાણે છે કે અભિનયની સાથે વિજયને મોંઘી કારનો પણ શોખ છે. અભિનેતાના ગેરેજમાં ૨.૫ કરોડ રૂપિયાની રોલ્સ રોયસ ઘોસ્ટ, ૧.૧૭ કરોડ રૂપિયાની **Audi A8**, રેન્જ રોવર ઈવોક, મર્સિડીઝ બેન્ઝ **GLA** જેવી કાર છે. વિજયની કુલ સંપત્તિ લગભગ ૪૧૦ કરોડ રૂપિયા છે. રિપોર્ટ અનુસાર એક્ટરે તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ લિયો માટે ૧૨૦ કરોડ રૂપિયા ચાર્જ કર્યા છે.

## કોઝી હાલતમાં જોવા મળી ઋતિકની એક્સ વાઈફ

। મુંબઈ, તા.૨૧ ।

ઋતિક રોશનની એક્સ વાઈફ સુઝેન ખાન ડિવોર્સ પછી ખુલ્લીને તેની લાઈફને ઈન્જોય કરી રહી છે. સુઝેન અવારનવાર તેના બોયફ્રેન્ડ સાતે કોઝી થતી જોવા મળે છે. હાલમાં જ તે તેની બાહોમાં જોવા મળી હતી. સૂઝેન અર્સલાન ગોનીને ડેટ કરી રહી છે અને બંને એકબીજા સાથે ખૂબ જ ખુશ છે. આ દરમિયાન સુઝેન તેના બોયફ્રેન્ડ આર્સલાન સાથે એક ઈવેન્ટમાં જોવા મળી હતી. આ દરમિયાન સુઝેને કંઈક એવું કર્યું કે તે ટ્રોલ થઈ રહી છે. સુઝૈન ખાન અને તેના બોયફ્રેન્ડ અર્સલાન ગોનીનો



એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં બંને એકબીજા સાથે સમય વિતાવતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન સુઝેન કેમેરાથી પોતાનો ચહેરો છુપાવતી જોવા મળી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, સુઝૈન ખાન યોગ્ય રીતે ઉભી પણ નથી રહી શકતી અને તે તેના બોયફ્રેન્ડ અર્સલાન સાથે કોઝી હાલતમાં જોવી મળી રહી છે. વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરાતાની લોકોએ કોમેન્ટનો વરસાદ કર્યો છે. એક યુઝરે કોમેન્ટ કરતા લખ્યું કે, તેણી સંપૂર્ણ રીતે નશામાં છે.

## સની દેઓલના બર્થ-ડે પર બહેન ઇશા દેઓલે લખી પોસ્ટ

। મુંબઈ, તા.૨૧ ।


બોલિવૂડ એક્ટર સની દેઓલનો ૧૯ ઓક્ટોબરે ૬૬મો જન્મદિવસ હતો. આ અવસર પર ચાહકો તેને અભિનંદન આપી રહ્યા છે પરંતુ તેની સાવકી બહેન ઈશા દેઓલે પણ તેને શુભેચ્છા પાઠવી છે. ઈશા દેઓલે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સની દેઓલ સાથે એક તસવીર શેર કરી છે અને તેના પર લખ્યું હેપ્પી બર્થ ડે સની ભૈયા. આ સિવાય સની દેઓલના નાના ભાઈ બોબી દેઓલે પણ તેના મોટા ભાઈની અનસીન તસવીરો સાથે શુભેચ્છા પાઠવી હતી. બોબી દેઓલે પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં બંને ભાઈઓ વચ્ચે બોન્ડ જોવા મળી રહ્યું છે. ફોટોમાં બંને પોતાના ઘરે કંઈક સેલિબ્રેટ કરતા જોવા મળે છે. બંને ખુશીથી ડાન્સ કરી રહ્યા છે. ફોટો શેર કરતી વખતે બોબી દેઓલે લખ્યું હતું કે , 'લવ યુ ભાઈ, હેપ્પી બર્થડે...'. બોબી દેઓલની પોસ્ટ પર અર્જુન રામપાલ, હિમાંશ કોહલી, રાહુલ દેવે પણ અભિનેતાને અભિનંદન પાઠવ્યા છે. ભાઈ-બહેન ઉપરાંત સની દેઓલના પુત્રોએ પણ તેને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. કરણ દેઓલ અને રાજવીર દેઓલે તેમના ઈન્સ્ટાગ્રામ પર તેમના પિતા સાથેનો એક ફોટો શેર કર્યો છે અને તેમને શુભેચ્છા પાઠવી છે. કેટલીક તસવીરો શેર કરતી વખતે કરણે લખ્યું, 'હેપ્પી બર્થ ડે ડેડ. તમારું ટેલેન્ટ અને પ્રેમ મને દરરોજ પ્રેરણા આપે છે. આ વર્ષ હજી વધુ સફળતા અને ખુશીઓથી ભરેલું રહે. રાજવીર દેઓલે પણ પ ોતાના પિતા સાથેનો ફોટો શેર કરીને તેમને શુભેચ્છા પાઠવી છે. રાજવીરે લખ્યું, 'હેપ્પી બર્થ ડે ડેડ. હું પ્રાર્થના કરું છું કે તમારો જન્મદિવસ તમારા જેવો જ અદભૂત હોય. લવ યુ'. રાજવીરે હાલમાં જ ફિલ્મ



## ઘણા વિવાદો બાદ પણ વિજયની ફિલ્મે પ્રથમ દિવસે તોડ્યો Jawanનો રેકોર્ડ

। મુંબઈ, તા.૨૧ ।

ઘણા વિવાદો બાદ સાઉથ સુપરસ્ટાર થલપ થી વિજયની ફિલ્મ **Leo** આખરે થિયેટર્સમાં રિલીઝ થઈ છે. વિજયના ચાહકો તેની ફિલ્મ જોઈને દિવાના થઈ ગયા છે. **Leo** ઓનું પ્રથમ દિવસનું બોક્સ ઓફિસ કલેક્શન પણ શાનદાર રહેવાનું છે. બોક્સ ઓફિસના શરૂઆતી ટ્રેન્ડ બહાર આવ્યા છે. વિજયની ફિલ્મ નેંએ પહેલા જ દિવસે શાહરૂખ ખાનની જવાનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. **Leo** એ રજનીકાંતની ફિલ્મ જેલરની કમાણીને પણ પાછળ છોડી દીધી છે. ફિલ્મ **Leo** ભારતમાં પહેલા દિવસે ૬૮ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કરી શકે છે. આ ફિલ્મ તમામ ભાષાઓમાં ભારતમાં લગભગ ૮૦ કરોડનું ગ્રોસ કલેક્શન કરી શકે છે. **SACNILC**ના રિપોર્ટ અનુસાર, લિયો પ્રથમ દિવસે તમિલનાડુમાં લગભગ ૩૨ કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી શકે છે. આ ફિલ્મ કેરળમાં લગભગ ૧૨.૫૦ કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી શકે છે. અને કર્ણાટકમાં આ ફિલ્મ લગભગ ૧૪.૫૦ કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી શકે છે. લિયોના



ઓવરસીઝ કલેક્શનની વાત કરીએ તો ફિલ્મ લગભગ ૬૫ કરોડ રૂપિયાનું કલેક્શન કરી શકે છે. લીઓ ફિલ્મ વિશ્વભરમાં લગભગ ૧૪૫ કરોડ રૂપિયાનું કલેક્શન કરી શકે છે. વિજયની આ ફિલ્મ પહેલા દિવસની કમાણીમાં શાહરૂખ ખાનના જવાનનો રેકોર્ડ તોડી શકે છે. જવાને પહેલા દિવસે વિશ્વભરમાં ૧૨૯ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. પ્રારંભિક આંકડાઓ અનુસાર, **Leo** વિશ્વભરમાં ૧૪૫ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી શકે છે. આ વર્ષે ઓગસ્ટમાં રજનીકાંતની ફિલ્મ 'જેલર'એ પહેલા દિવસે ૪૪.૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું. વિજયની ફિલ્મએ પહેલા દિવસે જ એડવાન્સ બુકિંગથી રૂ. ૪૬.૫ કરોડનું કલેક્શન કર્યું હતું. **Leo**ની વાત કરીએ તો તેમાં વિજયની સાથે સંજય દત્ત મહત્વની ભૂમિકામાં જોવા મળે છે. આ ફિલ્મમાં તેણે નેગેટિવ પાત્ર ભજવ્યું છે. જેને ખૂબ પસંદ કરવામાં આવી રહ્યું છે.

## ફિલ્મ ફુકરે ૩ ફિલ્મે વર્લ્ડ વાઈડ કરી ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો

। મુંબઈ, તા.૨૧ ।

વરુણ શર્મા, રિચા ચઢ્ઢા અને પંકજ ત્રિપાઠી અભિનીત કોમેડી ફ્રેન્ચાઈઝી 'ફુકરે'નો ત્રીજો ભાગ ૨૮ સપ્ટેમ્બરના રોજ થિયેટરમાં રિલીઝ થયો હતો. આ ફિલ્મને તેની રિલીઝના પહેલા દિવસથી જ દર્શકો તરફથી ઘણો પ્રેમ મળી રહ્યો છે, જેના કારણે તેણે



તાજેતરમાં થિયેટરોમાં રિલીઝ થયેલી અન્ય ફિલ્મોને પાછળ છોડી દીધી છે. હવે 'ફુકરે ૩'ની ૧૮મા દિવસની કમાણીના આંકડા સામે આવ્યા છે. દર્શકોમાં 'ફુકરે' ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગ એટલે કે 'ફુકરે ૩'નો ક્રેઝ વધી રહ્યો છે. ફુકરેના તમામ ભાગોની જેમ તેનો ત્રીજો ભાગ પણ ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.

# લીમડી પોલિસ સ્ટેશન વિસ્તારમાં પીકઅપ વાહનમાં ફળોની આડાશમા વિદેશી દારૂના જથ્થાને ઝડપી પાડતી દાહોદ એલસીબી

## ૮૫૬૩૬૦ રૂપિયાનો મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી એલસીબી દાહોદ






। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૧ ।

દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર સતત વોચ રાખતી દાહોદ એલ.સી.બી પોલીસને લીમડી થી લીમખેડા જતાં સેવનીયા ગામે થી ૮૫૬૩૬૦ રૂપિયાનો વિદેશી દારૂના મુદ્દામાલ સાથે એક આરોપી વિજય રમેશ ડામોર (રાણાપુર, ઝાબુઆ મ.પ્ર)ને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ છે.

દાહોદ એલ.સી.બી પોલીસ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમીને આધારે મધ્યપ્રદેશ ઝાબુવા તરફથી બોલેરો પીકઅપ ગાડી જેનો નંબર MP-70-G-1012 ફળોના બોક્સની આડમાં વિદેશી દારૂ સંતાડી લીમડી થી લીમખેડા બાજુ જઈ રહેલ હતી. તે સમયે લીમડી થી લીમખેડા જતાં સેવનિયા ગામે પીકઅપ ગાડી ઉભી રાખવા ઈસારો કરતા ગાડીના ડ્રાઈવર દ્વારા દૂર થી જ પીકઅપ ગાડી લઈ ભાગી જવાનો પ્રયાસ કરેલ હતો. દાહોદ એલ.સી.બી પોલિસ દ્વારા ગાડીનો પીછો કરી ગાડીના ચાલકને પીકઅપ ગાડીના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ હતો.

દાહોદ એલ.સી.બી દ્વારા પીકઅપ ગાડીની તપાસ કરતા ફળોની આડાશમા વિદેશી દારૂ સંતાડી લઈ જતા ડ્રાઈવરને લીમડી પોલિસ સ્ટેશનમાં લાવી તપાસ આદરી હતી. ત્યાં વધુ ઝીણવટ ભરી તપાસ કરતા પીકઅપ ગઈમાંથી ૨૯૨૪ બોટલ વિદેશી દારૂ જેની કિમત ૩૫૧૩૬૦, પીકઅપ ગાડીની કિંમત ૫૦૦૦૦૦, ૫૦૦૦ નો મોબાઈલ થઈ ટોટલ ૮૫૬૩૬૦નો મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડવામાં દાહોદ એલ.સી.બી ને એક સફળતા મેળવેલ છે. ત્યાં વધુ ઝીણવટ ભરી તપાસ કરતા પીકઅપ ગઈમાંથી ૨૯૨૪ બોટલ વિદેશી દારૂ જેની કિમત ૩૫૧૩૬૦, પીકઅપ ગાડીની કિંમત ૫૦૦૦૦૦, ૫૦૦૦ નો મોબાઈલ થઈ ટોટલ ૮૫૬૩૬૦નો મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડવામાં દાહોદ એલ.સી.બી ને એક સફળતા મેળવેલ છે.

# તાપીના વ્યારા તાલુકાના ઇન્દુગામની ઘટના પતિ-પત્નીએ ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી

। તાપી, તા.૨૧ ।

વ્યારા તાલુકાના ઈન્દુગામે પતિ–પત્નીએ એકસાથે ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ છે. ઈન્દુ ગામના હોળી ફળિયા ખાતે રહેતા અજય ગામીત અને મેઘના ગામિતએ દંપતીએ ઘરેના રસોડાના સિલિંગ ફેનમાં ફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં પોલીસને માહિતી આપી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. જો કે પ્રાથમિક તપાસ દરમિયાન પણ હજું સુધી ક્યા કારણોસર આવું ઘાતક પગલું ભર્યુ તેનો ખુલાસો નથી થયો. પોલીસે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને ઘટનાસ્થળેથી કોઈ સુસાઇડ નોટ પણ ન મળતાં પોલીસ ઘટનાના કારણો જાણવા તપાસ કરી રહી છે. ઈન્દુ ગામના હોળી ફળિયા ખાતે રહેતા અજય ગામીત અને મેઘના ગામિતએ દંપ તીએ ઘરેના રસોડાના સિલિંગ ફેનમાં ફાંસો લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં પોલીસને માહિતી આપી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

જો કે પ્રાથમિક તપાસ દરમિયાન પણ હજું સુધી ક્યા કારણોસર આવું ઘાતક પગલું ભર્યુ તેનો ખુલાસો નથી થયો. પોલીસે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને ઘટનાસ્થળેથી કોઈ સુસાઈડ નોટ પણ ન મળતાં પોલીસ ઘટનાના કારણો જાણવા તપાસ કરી રહી છે.

# દાહોદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ મુકામે જિલ્લા કક્ષાનો નવમો એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ યોજાયો

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૧ ।

દાહોદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દાહોદ મુકામે જિલ્લા કક્ષાનો નવમો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ યોજાયો હતો જેમાં ઝાલોદ તાલુકાના ફૂલપુરા મુખ્ય પ્રાથમિક શાળાનાં શિક્ષિકા ચૌહાણ પૂજા ચંદ્રવદન દ્વારા પોતાની કૃતિ રજુ કરવામાં આવી હતી. આ બે દિવસનાં કાર્યક્રમમાં દાહોદ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી અને સમગ્ર ડાયટ પરિવાર ઉપસ્થિત રહ્યા હતા તથા શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પૂજાબેન ચૌહાણને પ્રોત્સાહિત કર્યા હતા. તથા શિલ્ડ અને પ્રમાણપત્ર આપી પૂજાબેન ચૌહાણને પ્રોત્સાહિત કર્યા હતા.



# નવરાત્રિના પાવન પર્વ પ્રસંગે સાંઇ સર્જન સોસાયટીમાં સન્માન સમારંભ યોજાયો



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૧ ।

સાંઈ સર્જન સોસાયટીમાં સન્માન સમારંભ રાખવામાં આવ્યો જેમાં સોસાયટીના ભૂતપૂર્વ પ્રમુખ મહેશ વસૈયા સાહેબ, મંત્રી હરિસિંહ ગોહિલ, ખજાનચી પ્રવીણ સેલક તેમજ શશીકાંત શાહનું દસ વર્ષની કામગીરીને સોસાયટીના સભ્યો દ્વારા બિરદાવવામાં આવી હતી. અને તેઓને પુષ્પ ગૂંચ્છ ,શ્રીફળ અને શાલ ઓઢાડી તેમનું સન્માન સોસાયટીના વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સાથે સોસાયટીના બધાના પ્રિય એવા દાદી સા હુલામણા નામથી જાણીતા કૈલાશબેન રાઠોડનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંઈ સર્જન સોસાયટીના પ્રમુખ રાજેશ પંચાલ મંત્રી ઘનશ્યામ ભાટી , ઉપપ્રમુખ અશોક દેવડા સભ્ય યોગેન્દ્ર સિંહજી ચૌહાણ, પ્રવીણ સેલક, પ્રોફેસર રમેશ ગોહિલ, હરીશ બેંક મેનેજર ગ્રામીણ બેંક, નરેશ પરિહાર, રાહુલ દેવનારાયણ, મહેન્દ્ર ભાટી, ઈન્દુ શાહ, વિજય પંચાલ, અશોક બંબૈયા બધાએ આ પ્રસંગે ઉપસ્થિત સોસાયટીના સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કાલોલ પાસેથી કારમાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો ઝડપાયો

। પંચમહાલ, તા.૨૧ ।

પોલીસને ફરિયાદ મળી હતી કે, સરકારી દુકાનમાંથી અનાજનો જથ્થો બારોબાર વેચાઇ રહ્યો છે. જેને લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન કાલોલ પાસેથી કારમાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. તો પુરવઠા વિભાગે સેમ્પલ લઈને ચકાસણી માટે મોકલ્યા છે. પંચમહાલના કાલોલ પાસેથી પોલીસે સરકારી અનાજનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ અનાજનો જથ્થો કારમાં લવાતો હતો તે દરમિયાન પોલીસે ઝડપી પાડ્યો છે. કારમાંથી ૬ બોરી ચોખા, ૪ બોરી ઘઉં, ૨ બોરી ખાંડ અને ૧ બોરી ચણાનો જથ્થો પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસને ફરિયાદ મળી હતી કે, સરકારી દુકાનમાંથી અનાજનો જથ્થો બારોબાર વેચાઇ રહ્યો છે. જેને લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન કાલોલ પાસેથી કારમાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. તો પુરવઠા વિભાગે સેમ્પલ લઈને ચકાસણી માટે મોકલ્યા છે. પોલીસને ફરિયાદ મળી હતી કે, સરકારી દુકાનમાંથી અનાજનો જથ્થો બારોબાર વેચાઇ રહ્યો છે. જેને લઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન કાલોલ પાસેથી કારમાં લઈ જવાતો સરકારી અનાજનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. તો પુરવઠા વિભાગે સેમ્પલ લઈને ચકાસણી માટે મોકલ્યા છે.

# રાજકોટના ધારાસભ્ય ડો.દર્શિતા શાહએ ડો. સૈયદના સાહેબના આશીર્વાદ પ્રાપ્ત કર્યા



હુસામુદ્દીન કપાસી
। જસદણ, તા.૨૧ ।

તાજેતરમાં રાજકોટની સફરે પધારેલ વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમાં દાઈ (સર્વોચ્ચધર્મગુરુ) નામદાર ડો. સૈયદના આલીકદર મુફદ્દલ સૈફુદીન સાહેબ (ત.ઉ.શ.) ના રાજકોટ પશ્ચિમ બેઠકના ધારાસભ્ય અને પૂર્વ ડેપ્યુટી મેયર ડો. દર્શિતા શાહએ આશીર્વાદ મેળવ્યાં હતાં પ્રજાકીય કાર્યોમાં સદા અગ્રેસર રહેતા ડો. દર્શિતા શાહએ પોતાની વોલ પર જણાવ્યું હતું કે તાજદાર ડો. સૈયદના સાહેબના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અવસર તેમને સાંપડ્યો તે ખુશી વ્યક્ત કરી હતી દરમિયાન દાઉદી વ્હોરા સમાજના ભાજપનાં પાયાનાં કાર્યકર અને છેવાડાના લોકો સુધી દોડીને કામ કરતા હોજેફાભાઈ શાકીરએ જણાવ્યું હતું કે ડો. સૈયદના સાહેબ રાજકોટ પધારે એવી હજ્જારો લોકોને ઈચ્છા હતી તે પૂર્ણ થઈ ગઈ વ્હોરા સમાજ સહીત અન્ય સમાજએ પણ સૈયદના સાહેબના દીદાર કરી ધન્યતા અનુભવી હતી.

# રાજપીપલા હરસિદ્ધિ માતાના મંદિરે છઠ્ઠા નોરતે રાજપૂત સમાજના યુવાનો દ્વારા તલવાર મહાઆરતી યોજાઈ



। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૧ ।

રિયાસાતી રાજવીનગરી રાજપીપલાના મહારાજા ગોહિલ પરિવારની કુળદેવી ગણાતી માં હરસિદ્ધિના મંદિરે આજે છઠ્ઠા નોરતે રાજપૂત સમાજના ૧૭૫ રાજપૂત યુવાનો દ્વારા તલવાર મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.માતાજી પ્રત્યે અપાર શ્રધ્ધા અનેભક્તિભાવ હોવાથી રાજપૂત સમાજ ભારેઉત્સાહ પૂર્વક આ તલવારી, આરતીનું ભવ્ય આયોજન કરાયું હતું આ પ્રસંગે મહારાજા રઘુવીરસિંહજી ગોહિલ તથા રાજવી પરિવાર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં સમસ્ત રાજપૂત સમાજ ગુજરાતના નર્મદા જિલ્લા સહિત વડોદરા, સુરત, લુણાવાડા, ભરૂચ, વાલિયા, છોટાઉદેપુર, કરજણ, પાદરાના ૧૭૫ રાજપૂત યુવાનો તલવારબાજીના દિલધડક કરતબો કરી માતાજીની આરાધના કરી હતી, આ તલવાર મહા આરતીમાં ૨૦૦ કિલોથી વધુ ફૂલોથી ધનુષબાણ ની આકૃતિ બનાવી તલવાર મહાઆરતી કરવામાં આવી હતી, હરસિધ્ધિ માતાજીના મંદિરે સમસ્ત રાજપુત સમાજ ગુજરાતના ૫૦૦થી વધું રાજપુત યુવાનો સાંજે ૪ કલાકે નટવરનિવાસ થી માતાજીની પાલખી સાથે શોભા યાત્રા કાઢી હરસિધ્ધિ માતાજી ના મંદિરે પહોંચ્યાં હતાં ત્યારબાદસાંજે ૧૭૫ રાજપૂતયુવાનોએ તલવાર મહાઆરતી કરી હતી.

# મનસુખ વસાવા અને મોતીસિંહની હાજરીમાં ચૈતર વસાવાએ ભાજપા સરકારની પોલ ખોલી

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૧ ।

નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત મેરી મિટ્ટી મેરા દેશ સરકારી કાર્યક્રમમાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ ભાજપ સાંસદ મનસુખ વસાવા અને પુર્વ વનમંત્રીમોતીસિંહ વસાવાની હાજરીમાં જ ભાજપ સરકારની પોલ ખોલી નાખતા ભાજપ ના બન્ને નેતાઓ અવઢવમાં મુકાઈ ગયા હતા. દરમ્યાન મનસુખ વસાવાએ અધવચ્ચે ટોક્યાહતાં અને કહ્યું કે ચૈતર ભાઈ મુખ્ય મુદ્દા પર આવો જ્યારે પુર્વ વનમંત્રી મોતીસિંહવસાવાએ કહ્યું હતું કે તમે આ બધી વિધાનસભામાં રજુઆત કરજો ત્યારે ચૈતર વસાવાએ બન્નેને સામે જવાબ આપ્યોહતો કે હા મુખ્ય મુદ્દા પર આવુ છું પણ તમે પેહલા આ સાંભળો. ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મનસુખ વસાવા અને મોતીસિંહ વસાવાનીહાજરીમાં ભાજપ સરકારની પોલ ખોલતાજણાવ્યું હતું કે નર્મદા જિલ્લો રાજ્યમાં અતિ પછાત જિલ્લામાં આવે છે, અહીંયા ૧૨૩૩૩ બાળકો કુપોષણથી પીડાય છે ૧૪૬ આંગણવાડી કેન્દ્રો નથી. એકડેમ હોવા છતાં આદિવાસી વિસ્તારને છોડી કરજણ ડેમમાંથી મોટી પાઈપલાઈનોકામરેજ, વાડી અને માંગરોલ લઈ જવાય છે. આદીવાસી સમાજ સાથે આટલી સરકારે પૂંજી પતિના કરોડો રૂપિયા માફ કર્યા તો આદિવાસી ખેડૂતોના ધીરાણ માફ કરે ચૈતર વસાવા અસમાનતા અને અન્યાય કેમ?સાગબારા અને ડેડીયાપાડાની ૫૪ શાળામાં માત્રએક શિક્ષક છે, ચંદ્રયાન ચંદ્ર પર લેન્ડિંગ થઈ ગયું છે એવી ઘરે બેઠા બેઠા જો ખબર પડતી હોય તો અહીંયા ૫૪ શાળાઓમાંએક શિક્ષક છે એવી સરકારને કેમ ખબર પડતી નથી? પ્રવાસી શિક્ષકોનો ૨-૩મહિને પગાર થાય છે. નર્મદા જિલ્લાની એક પણ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ ચાલતુ નથી લોકોએ સારવાર માટે વડોદરા અને સુરત જવુંપડે છે. આઝાદીના ૭૫ વર્ષ થયા તે છતાં આદીવાસીઓએ પોતાનાં હક માટે લડવું પડે છે.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુને આદિવાસી હોવાથી સાંસદ ભવનના ઉદઘાટનમાં ન બોલાવ્યા એમને મંદિરમાં પણ પ્રવેશનથી અપાતો.મોદીએ આદીવાસીઓ સાથે આટલી અસમાનતા અને અન્યાયકેમ તમે પહેલા જાતિગત ભેદભાવો દુર કરો. ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યુંહતું કે આજે શહેરોનો કુદકે અને ભુસકે વિકાસ થઈ રહ્યો છે જ્યારે આદીવાસીવિસ્તારનો વિકાસ કેમ થતો નથી. હાલમાં જ આરટીઆઈ હેઠળ ખુલાસોથયો છે કે મોદી સરકારે અદાણી,અંબાણી, નીરવ મોદી, વિજય માલ્યા, લલિત મોદી સહિતના પુંજી પતિઓનુ ૨૫ લાખ કરોડ દેવું માફ કર્યું તોઆદિવાસી ખેડુતોનું ધિરાણ પણ માફ કરો. સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે લોખંડઉઘરાવ્યું હતું પણ પ્રતિમા તો બ્રોનઝની બની છે, લોખંડનો અતો પતો નથી.સરકારની માત્ર વાહ વાહી કરવાની હોય વાસ્તવિકતા પણ સ્વીકારવાની હોય. એ બાબતે તમારે સરકારનું ધ્યાન પણ દોરવાનું છે.





। ભરતભાઈ એ. પંડ્યા, દિવડા કોલોની, તા.૨૧ ।

દિવડા કોલોની પ્રાથમિક શાળા તાલુકો - કડાણામાં નવરાત્રિ ગરબા મહોત્સવની ઉજવણી કરાઈ હતી. શાળાના તમામ બાળકો અને શિક્ષક ભાઈ બહેનોએ ભેગા મળીને ગરબાની રમઝટ બોલાવી હતી તમામ બાળકોને ગરબા મંડળના આયોજકોએ બોલપેન વહેંચી પ્રોત્સાહિત કર્યા હતા. ડીજેના તાલે ગરબા અને ટીમલી રમીને બાળકો આનંદવિભોર બન્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે-તથા રચનાત્મક પ્રકૃતિના પ્રકલ્પો પર કામ કરો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમે જેની દરકાર કરો છો એવી કોઈક નિકટની વ્યક્તિ સાથે સંવાદનો અભાવ આજે તમને હતાશ કરી મુકશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો?

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ? આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો.

### દેવી કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે

# શક્તિપીઠ પાવાગઢમાં સાતમા નોરતે ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર

### દેવી કાલરાત્રિની પૂજા કરવાથી દરેક દુષ્ટતા અને કષ્ટોનો નાશ થાય છે, જીવનની દરેક સમસ્યાને એક ક્ષણમાં ઉકેલવાની શક્તિ મળે છે

। અમદાવાદ, તા.૨૧ ।

મહાસપ્તમી ૨૧મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ છે. આ દિવસે દેવી કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે. મા કાલરાત્રીનું સ્વરૂપ ભલે ભયાનક હોય પરંતુ તે પોતાના ભક્તો માટે ખૂબ જ દયાળુ છે દેવી કાલરાત્રિની પૂજા કરવાથી દરેક દુષ્ટતા અને કષ્ટોનો નાશ થાય છે. જીવનની દરેક સમસ્યાને એક ક્ષણમાં ઉકેલવાની શક્તિ મળે છે. જે લોકોના શત્રુઓ તેમના કામમાં અડચણો ઉભી કરી રહ્યા છે અથવા જેઓ કોર્ટના કેસમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે તેમણે કાલરાત્રિની પૂજા અવશ્ય કરવી જોઈએ. સાતમને લઈ શક્તિપીઠ પાવાગઢમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. વહેલી સવારથી માઈ ભક્તોએ દર્શન માટે લાંબી લાઈનો લગાવી છે.

ચાચર ચોકમાં દર્શનાર્થી સાથે પૂજારી અને મંદિર ટ્રસ્ટી ગરબે ઘૂમ્યા હતા. દર્શનાર્થીઓને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તે માટે જિલ્લા પ્રશાસન અને શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. ખાનગી વાહનો ડુંગર ઉપર લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે જેને લઈ એસ ટી નિગમ દ્વારા તળેટીમાંથી રૂટ ઉપર વધારાની એસ ટી બસો દોડાવવામાં આવી રહી છે. જો તમને રાત્રે ખરાબ સપના આવે તો નવરાત્રીની મહાસપ્તમીના દિવસે દેવીના ૩૨ નામનો જાપ કરવો ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ માનસિક અને શારીરિક રીતે ફાયદાકારક રહેશે.

# યુકેની યુનિ.એ જાદુટોણાનો માસ્ટર કોર્સ શરૂ કર્યો

### યુનિવર્સિટી ઓફ એમ્સ્ટર્ડમ અને રાઈસ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ પણ રહસ્યવાદ, જાદુવિદ્યા વગેરેના કોર્સ કરાવે છે.

। નવી દિલ્હી, તા.૨૧ ।

હાયર એજ્યુકેશન માટે લોકો વિદેશમાં મેડિસિન, બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, એન્જિનિયરિંગ વગેરે શીખવા જાય છે. પરંતુ જાદુવિદ્યાનો કોર્સ કરવા માટે વિદેશની યુનિવર્સિટી ઓફર કરે તો કેવું લાગે? યુકેની એક યુનિવર્સિટીમાં જાદુવિદ્યાનો અભ્યાસ શરૂ થયો છે અને આગામી સપ્ટેમ્બર મહિનાથી તેમાં એડમિશન શરૂ થશે. આ કોર્સમાં સ્ટુડન્ટને જાદુટોણા અને બીજી વિદ્યાઓ વિશે થિયરી અને પ્રેક્ટિકલ ભણાવવામાં આવશે. જે લોકોને ક્રિસ્ટલ જોઈને ભવિષ્ય જાણવું હોય, ચહેરા જોઈને આગાહી કરવી હોય અથવા ડાકણવિદ્યા સમજવી હોય તેઓ યુકેની એક્ઝેટર યુનિવર્સિટીમાં એડમિશન લઈ શકે છે. આ યુનિવર્સિટી જાદુવિદ્યા શીખવીને તેની માસ્ટર્સ ડિગ્રી આપે છે. દુનિયાભરમાં સાયન્સ



અને ટેક્નોલોજીમાં લોકોને જેમ રસ વધી રહ્યો છે તેમ તેમ મેજિકમાં પણ રસ વધતો જાય છે. આ કોર્સમાં વિશ્વભરમાં ડાકણવિદ્યા (વિચક્રાફ્ટ) અને મેજિકથી કેવા સામાજિક અને ઐતિહાસિક પરિવર્તનો આવ્યા તેનો અભ્યાસ કરવામાં આવશે. આ પ્રોગ્રામમાં વેસ્ટર્ન સાહિત્ય અને આર્ટમાં જાદુવિદ્યાનું સ્થાન, આર્કિયોલોજી થિયરી, મધ્ય યુગમાં મહિલાઓનું સ્થાન, ભ્રમણા અને જાદુટોણાનો ઉપયોગ તથા જાદુવિદ્યા પાછળની ફિલોસોફી ભણાવવામાં આવશે.

યુનિવર્સિટીના મેજિક ડિપાર્ટમેન્ટના હેડ તરીકે જે પ્રોફેસર છે તેઓ મધ્યકાલિન અરેબિક સાહિત્યના જાણતાર છે. તેમણે કહ્યું કે લોકોને આજકાલ વિચક્રાફ્ટમાં ઘણો રસ પડે છે અને તેઓ વિધિવત રીતે જાદુ શીખવા માગે છે. તમામ એકેડેમિક ફિલ્ડની જેમ આ કળામાં પણ રિસર્ચ થયું છે. સામાન્ય રીતે લોકો એવું માને છે કે પશ્ચિમના લોકો માત્ર સાયન્સમાં માને છે અને ત્યાં જાદુટોણાને કોઈ સ્થાન નથી. પરંતુ આ માસ્ટર્ડ ડિગ્રી કોર્સના કારણે આ ધારણા બદલાઈ જશે. યુકેમાં હવે લોકકથાઓ, ડાકણવિદ્યા, ટેરોટ કાર્ડ, ક્રિસ્ટલ રિડિંગમાં વધુ લોકોને રસ પડી રહ્યો છે. યુકેની યુનિવર્સિટી ઓફ એક્ઝેટર આ દિશામાં માસ્ટર્સ કોર્સ શરૂ કરીને આગળ નીકળી ગઈ છે. બીજી તરફ અન્ય યુનિવર્સિટીઓ પણ મેજિકને લગતા સર્ટિફિકેટ કોર્સ અને બીજા નાના નાના કોર્સ ચલાવે છે. તેમાં યુનિવર્સિટી ઓફ એમ્સ્ટર્ડમ અને રાઈસ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. આ સંસ્થાઓ પણ રહસ્યવાદ, જાદુવિદ્યા વગેરેના કોર્સ કરાવે છે. પશ્ચિમના સાહિત્યમાં ડ્રેગન ક્યાંથી આવ્યા તે વિષયથી લઈને કિંગ આર્થર વિશેની વાર્તાઓ, ઈસ્લામિક થોટ્સ, આર્કિયોલોજિકલ થિયરી વગેરે આ યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવે છે. તેમાં સ્ટુડન્ટના ક્રિયેટિવ થિંકિંગ અને તેમની જિજ્ઞાસા વધારવા પર ભાર મુકવામાં આવે છે.

### દુનિયા ખતમ થવાની છે કે એલિયન્સનો હુમલો?

# બ્રિટેનના કેન્ટમાં અચનાક જ ગુલાબી રંગનું થઇ ગયુ આકાશ

### વેસ્ટગેટમાં બેથનીના સેન્ડવિચ બાર અને કાફેની બહાર લીધેલા ફોટાઓમાં આકાશ સંપૂર્ણપણે ગુલાબી રંગમાં ફેરવાઇ ગયું હતું

। નવી દિલ્હી, તા.૨૧ ।

જ્યારે પણ આકાશના રંગની વાત આવે છે, ત્યારે 'વાદળી' રંગ આપણા મગજમાં સીધો જ આવે છે. કારણ કે સામાન્ય રીતે આકાશનો રંગ વાદળી હોય છે. પરંતુ શું તમે ક્યારેય આકાશનો રંગ ગુલાબી થતો જોયો છે?આવુ જ કંઈક થયુ છે, બ્રિટેનના કેન્ટમાં. જ્યાં ગુરુવારે સવારે રહસ્યમય રીતે આકાશ ગુલાબી રંગનું થઈ ગયુ અને ચમકવા લાગ્યુ હતુ. આ સીન બિલકુલ સાય-ફાઈ ફિલ્મ જેવો હતો. આકાશનો રંગ ગુલાબી જોઈને કેન્ટના લોકો ગભરાઈ ગયા હતા. ત્યાંના લોકોને એવું પણ લાગ્યું કે કદાચ દુનિયા ખતમ થવા જઈ રહી છે અથવા એલિયન્સે હુમલો કર્યો છે. ચોંકી ઉઠેલા સ્થાનિક લોકોએ આ ઘટના પાછળ શું કારણ હોઈ શકે તેવી અટકળો શરૂ કરી દીધી હતી. સૂર્યોદય પહેલા લેવાયેલી તસવીરોમાં આકાશ ખૂબ જ અસામાન્ય દેખાઈ રહ્યું છે. વેસ્ટગેટમાં બેથનીના સેન્ડવિચ બાર અને કાફેની બહાર લીધેલા ફોટાઓમાં આકાશ સંપૂર્ણપણે ગુલાબી રંગમાં ફેરવાઈ ગયું હતું. આ તસવીરો ઓનલાઈન શેર કરતી વખતે એક વ્યક્તિએ મજાકમાં કહ્યું કે, "મને લાગ્યું કે આ દુનિયાનો અંત થઈ રહ્યો છે, હું ચાર ઘોડેસવારોને શોધી રહ્યો હતો. અનેક અફવાઓ અને અટકળો વચ્ચે આ ઘટના પાછળનું સાયન્ટિફિક કારણ સામે આવ્યું હતું. હકીકતમાં ૪૦૦ મિલિયન ટામેટા ઉગાડતી એક કૃષિ કંપનીએ આ કૃત્રિમ પ્રકાશ છોડ્યો હતો. કેન્ટલાઈવના એક રિપોર્ટ મુજબ, થાનેટ અર્થ એ એક મોટી ઈન્ડસ્ટ્રીયલ કંપની છે, જે થોનેટ ઓઈલ પર બિર્ચિંગટનમાં સ્થિત છે. આ દેશનો સૌથી મોટો ગ્રીનહાઉસ કેમ્પસ છે, જે ૯૦ એકર જમીનને કવર કરે છે. થાનેટ અર્થ વેબસાઈટ અનુસાર આ વિશાળ ગ્લાસહાઉસોથી દર વર્ષે અંદાજે ૪૦૦ મિલિયન ટામેટાં, ૩૦ મિલિયન કાકડીઓ અને ૨૪ મિલિયન મરચાનું ઉત્પાદન કરે છે. અમે દક્ષિણ પૂર્વ વિસ્તાર પસંદ કર્યો કારણકે અહિં લાંબા સમય સુધી સૂર્યપ્રકાશ રહે છે.

### ૨.૪૪ લાખ મહિલા મેમ્બર્સ પણ સામેલ

# EPFOએ ઓગસ્ટ ૨૦૨૩માં ૧૬.૯૯ લાખ મેમ્બર્સ જોડ્યા

### નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓનો ડેટા દર્શાવે છે કે લગભગ ૧૧.૮૮ લાખ સભ્યો EPFOમાં ફરી જોડાયા છે

। નવી દિલ્હી, તા.૨૧ ।

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનએ ઓગસ્ટ, ૨૦૨૩માં કુલ ૧૬.૯૯ લાખ મેમ્બર્સ જોડ્યા હતા. નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓ વિશે જાહેર કરાયેલા પેરોલ ડેટામાં આ માહિતી આપવામાં આવી હતી. શ્રમ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આંકડાઓની વાર્ષિક ધોરણે સરખામણી કરવામાં પર ઓગસ્ટ ૨૦૨૨ની સરખામણીમાં આ વર્ષે નેટ સભ્યોની સંખ્યામાં થોડો વધારો જોવા મળ્યો હતો. આજે જાહેર કરાયેલા EPFOના પ્રોવિઝનલ પેરોલ ડેટા દર્શાવે છે કે EPFOએ ઓગસ્ટ, ૨૦૨૩ મહિનામાં ૧૬.૯૯ લાખ સભ્યો જોડ્યા હતા. ઓગસ્ટ, ૨૦૨૨માં ગયા વર્ષની સરખામણીમાં નેટ સભ્યોમાં થોડો વધારો દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે ૩૨૧૦ સંસ્થાઓએ મહિના દરમિયાન તેમનો પહેલો ECR મોકલીને તેમના કર્મચારીઓને EPFOનું સામાજિક સુરક્ષા કવચ વધાર્યું છે. પેરોલ ડેટાનું જેન્ડર પ્રમાણે વિશ્લેષણ દર્શાવે છે કે મહિના દરમિયાન જોડાયેલા કુલ ૯.૨૬ લાખ નવા સભ્યોમાંથી લગભગ ૨.૪૪ લાખ નવા સભ્યો મહિલાઓ છે, જેઓ પ્રથમ વખત EPFO સાથે જોડાઈ રહ્યા છે. ઉપરાંત, મહિના દરમિયાન મહિલા મેમ્બર્સની હિસ્સેદારી આશરે ૩.૪૩ લાખ રહી હતી. મહિના દરમિયાન ૩૨૧૦ સંસ્થાઓએ તેમના કર્મચારીઓને તેમની પ્રથમ ECR સબમિટ કરીને EPFOની સામાજિક



સુરક્ષા યોજનાના દાયરામાં લાવ્યા છે. EPFOમાં જોડાનાર ૧૮-૨૫ વર્ષની વયજૂથના યુવાનોનો હિસ્સો કુલ નવા સભ્યોમાં ૫૮.૩૬ ટકા છે. આ દર્શાવે છે કે મોટા ભાગના પ્રથમ વખત નોકરી મેળવનારા યુવાઓ સંગઠિત ક્ષેત્રમાં જોડાઈ રહ્યા છે. નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓનો ડેટા દર્શાવે છે કે લગભગ ૧૧.૮૮ લાખ સભ્યો EPFOમાં ફરી જોડાયા છે.

આ દર વાર્ષિક ધોરણે ૧૦.૧૩ ટકા વધ્યો છે. આ સભ્યોએ તેમની નોકરી બદલી અને EPFO હેઠળની સંસ્થાઓમાં ફરી જોડાયા. ઉપરાંત, તેઓએ અંતિમ સમાધાન માટે અરજી કરવાને બદલે તેમની થાપણો ટ્રાન્સફર કરવાનું પસંદ કર્યું હતું. આંકડાઓ અનુસાર, છેલ્લા બે મહિનામાં EPFOમાંથી બહાર નીકળનારા સભ્યોની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. રાજ્યવાર વિશ્લેષણ કરીએ તો મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત અને હરિયાણામાં સૌથી વધુ મેમ્બર્સ જોડાયા છે. આ રાજ્યોમાં ઓગસ્ટમાં સંયુક્ત રીતે ૯.૯૬ લાખ સભ્યો વધ્યા છે, જે કુલ નવા સભ્યોના ૫૮.૬૪ ટકા છે. આ દર્શાવે છે કે મોટા ભાગના પ્રથમ વખત નોકરી મેળવનારા યુવાઓ સંગઠિત ક્ષેત્રમાં જોડાઈ રહ્યા છે. નિયમિત પગાર પર નોકરી મેળવનારાઓનો ડેટા દર્શાવે છે કે લગભગ ૧૧.૮૮ લાખ સભ્યો EPFOમાં ફરી જોડાયા છે. આ દર વાર્ષિક ધોરણે ૧૦.૧૩ ટકા વધ્યો છે. આ સભ્યોએ તેમની નોકરી બદલી અને EPFO હેઠળની સંસ્થાઓમાં ફરી જોડાયા. ઉપરાંત, તેઓએ અંતિમ સમાધાન માટે અરજી કરવાને બદલે તેમની થાપણો ટ્રાન્સફર કરવાનું પસંદ કર્યું હતું. આંકડાઓ અનુસાર, છેલ્લા બે મહિનામાં EPFOમાંથી બહાર નીકળનારા સભ્યોની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. રાજ્યવાર વિશ્લેષણ કરીએ તો મહારાષ્ટ્ર, તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત અને હરિયાણામાં સૌથી વધુ મેમ્બર્સ જોડાયા છે. આ રાજ્યોમાં ઓગસ્ટમાં સંયુક્ત રીતે ૯.૯૬ લાખ સભ્યો વધ્યા છે, જે કુલ નવા સભ્યોના ૫૮.૬૪ ટકા છે.

### સ્વચ્છતાનો સંદેશ આપી 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લેતા બાળકો



મ્યુનિ. સંચાલિત શીલજ અનુપમ પ્રાથમિક શાળાના બાળકોએ રેલી યોજી પ્લેકાર્ડ દર્શાવી લોકોને સ્વચ્છતાની સમજ આપી, બાળકોએ શીલજ ગામ ખાતે લોકો સાથે સંવાદ સાધી સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવા પ્રયાસ કર્યો, સ્વચ્છતાને જીવનનું અભિન્ન અંગ બનાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાને સંદર્ભે વિવિધ પ્રવૃતિઓ ચાલી રહી છે. ત્યારે આ અભિયાનમાં હવે શાળાના બાળકો પણ હોંશે હોંશે જોડાઈ રહ્યા છે અને સ્વચ્છતા મુદ્દે જનજાગૃતિ લાવવાના પ્રયાસ કરી રહ્યા છે. નગર પ્રાથમિક શિક્ષણ સંચાલિત શીલજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શીલજ ગામમાં જઈને રેલી યોજી પ્લેકાર્ડ દર્શાવી સ્વચ્છતાની સમજ આપી હતી. શીલજ ગામ ખાતે રહેતા લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા વિદ્યાર્થીઓ દ્વારા અનોખો પ્રયાસ હાથ ધરાયો હતો. શીલજ શાળાના વિધાર્થીઓએ ગામમાં જઈ રેલી યોજી પ્લેકાર્ડ દર્શાવી વસાહતીઓને સ્વચ્છતાની સમજ આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ત્યાંના સ્થાનિકો સાથે સંવાદ પણ સાધ્યો હતો અને સ્વચ્છતા મુદ્દે માહિતગાર કર્યા હતા. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા', 'સ્વચ્છતા ત્યાં સુંદરતા', 'સ્વચ્છતાને વેલકમ ગંદકીને બાય બાય', 'મારી શાળા સ્વચ્છ શાળા' જેવા સૂત્રોના લખાણ વાળા પ્લેકાર્ડ સાથે વિદ્યાર્થીઓએ સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલી આ અપીલ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## વિશેષ

### છેલ્લા એક દાયકામાં આતંકવાદ, આતંકવાદી હુમલા, નક્સલવાદ અને વંશીય હિંસાની ઘટનાઓમાં ૬૫ ટકાનો ઘટાડો થયો

# કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે "પોલીસ સ્મૃતિ દિવસ" નિમિત્તે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે પોલીસ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

### ભારત આજે વિશ્વના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે, તેનો પાયો બહાદુર શહીદોનું બલિદાન છે અને આ દેશ તેમના બલિદાનને ક્યારેય નહીં ભૂલે

આ પ્રસંગે પોતાના સંબોધનમાં શ્રી શાહે આઝાદી બાદ દેશની આંતરિક સુરક્ષા અને તેની સરહદોની સુરક્ષા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનારા ૩૬,૨૫૦ પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે શહીદ પોલીસકર્મીઓના પરિવારજનોને કહ્યું કે આજે ભારત વિશ્વના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે અને તેનો પાયો તેમના પરિવારના શહીદોનું બલિદાન છે અને આ દેશ તેમના બલિદાનને ક્યારેય નહીં ભૂલે. શ્રી શાહે જણાવ્યું હતું કે, કોઈ પણ દેશની આંતરિક સુરક્ષા કે સરહદની સુરક્ષા સતર્ક પોલીસ વ્યવસ્થા વિના શક્ય નથી. દેશમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓમાં પોલીસકર્મીઓની ફરજ સૌથી અઘરી હોય છે, પછી તે દિવસ હોય કે રાત, શિયાળો હોય કે ઉનાળો, તહેવાર હોય કે નિયમિત દિવસ હોય, પોલીસકર્મીઓને તેમના પરિવાર સાથે તહેવારોની ઉજવણી કરવાની તક મળતી નથી. તેમણે કહ્યું કે આપણા તમામ પોલીસ દળ પોતાના જીવનના સોનેરી વર્ષો પોતાના પરિવારથી દૂર દેશની લાંબી જમીન સીમા પર વિતાવે છે અને પોતાની બહાદુરી અને બલિદાન દ્વારા દેશની રક્ષા કરે છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, આતંકવાદીઓનો સામનો કરવાની વાત હોય, ગુનાખોરી અટકાવવાની



હોય, ભીડનો સામનો કરતી વખતે કાયદો અને વ્યવસ્થા જાળવવાની હોય, આપત્તિઓ અને અકસ્માતો દરમિયાન સામાન્ય નાગરિકોની સુરક્ષા કરવાની હોય કે પછી કોરોના કાળ જેવા કપરા સમયમાં આગળની હરોળમાં ઊભા રહેવાની વાત હોય, નાગરિકોની સુરક્ષા કરવાની હોય, આપણા પોલીસજવાનોએ દરેક પ્રસંગે પોતાની જાતને સાબિત કરી છે. છેલ્લા ૧ વર્ષમાં ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૨થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં ૧૮૮ પોલીસકર્મીઓએ દેશની સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ફરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અમૃત કાલનું આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું કે આઝાદીના ૭૫ વર્ષના અંતથી શરૂ કરીને આઝાદીની શતાબ્દી સુધી આ ૨૫ વર્ષ દેશને દરેક ક્ષેત્રમાં ટોચના સ્થાન પર લઈ જવા માટે છે. આ માટે દેશની ૧૩૦ કરોડ જનતાએ સામૂહિક રીતે અને વ્યક્તિગત રીતે પ્રતિજ્ઞા લીધી છે અને આ સંકલ્પોથી આપણને દુનિયાના દરેક ક્ષેત્રમાં ટોચ પર પહોંચતા કોઈ રોકી નહીં શકે. શ્રી શાહે જણાવ્યું હતું કે, છેલ્લાં દાયકામાં આપણાં બહાદુર પોલીસજવાનોનાં પ્રયાસોને કારણે આતંકવાદ, આતંકવાદી હુમલાઓ, નક્સલવાદ અને વંશીય હિંસામાં તેમની ટોચનાં સ્તરથી ૬૫ ટકાનો ઘટાડો થયો છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષોમાં એનડીઆરએફનાં માધ્યમથી કામ કરીને વિવિધ પોલીસ દળોનાં જવાનોએ સન્માનજનક નામના મેળવી છે અને દેશમાં જ નહીં, પણ સમગ્ર દુનિયામાં આપત્તિ નિવારણનાં ક્ષેત્રમાં સફળતા મેળવી છે. તેમણે કહ્યું હતું કે, જ્યારે આપણે ભારતની આઝાદીનાં અમૃત કાળમાં પ્રવેશ કરી રહ્યાં છીએ, ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં ભારત સરકાર ત્રણ નવા કાયદા લાવી રહી છે, જે આપણી અપરાધિક ન્યાય વ્યવસ્થાને સંપૂર્ણપણે બદલી નાખશે. તેમણે કહ્યું હતું કે, આ ત્રણેય કાયદાઓ ૧૫૦ વર્ષ જૂના બ્રિટિશ યુગના કાયદાઓનું સ્થાન લેશે અને તે માત્ર ભારતીયતાને જ પ્રતિબિંબિત નહીં કરે પરંતુ ભારતના બંધારણની ભાવના અનુસાર દરેક નાગરિકના અધિકારોનું રક્ષણ પણ કરશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ અદાલતોમાં પેન્ડિંગ કેસોની પેન્ડન્સી સમાપ્ત કરવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીજીના નેતૃત્વમાં આપણે પોલીસ ટેકનોલોજી મિશન, ૩ નવા કાયદા અને આઈસીજેએસના માધ્યમથી ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમમાં પારદર્શિતા અને ગતિ લાવવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ રહીશું. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિને આગળ વધારતા મોદી સરકારે કડક કાયદા ઘડ્યા છે અને પોલીસના આધુનિકરણ માટે પોલીસ ટેકનોલોજી મિશનની સ્થાપના કરીને વિશ્વમાં આતંકવાદ વિરોધી શ્રેષ્ઠ દળ બનવાના પ્રયાસો પણ કર્યા છે. તેમણે કહ્યું હતું કે, પોલીસ કર્મચારીઓનાં કલ્યાણ માટે પીએમ મોદીની આગેવાની હેઠળની સરકારે આયુષ્યમાન-સીએપીએફ, હાઉસિંગ સ્કીમ, સીએપીએફ ઈ-આવાસ વેબ પોર્ટલ, પ્રધાનમંત્રી શિષ્યવૃત્તિ યોજના, કેન્દ્રીય અનુગ્રહ રાશિ, વિકલાંગતા એક્સ-ગ્રેશિયા, એર કુરિયર સર્વિસીસ અને સેન્ટ્રલ પોલીસ વેલ્ફેર સ્ટોરમાં પણ સમયસર ફેરફાર કર્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### શેત્રુંજી નદીમાં ગેરકાયદેસર રેતી ચોરી કરતા બે ટ્રેક્ટર જપ્ત કરાયા

। અમરેલી, તા.૨૧ ।

અમરેલીમાં દિવસે દિવસે રેતી ચોરીના બનાવો વધી રહ્યા છે. શેત્રુંજી નદીમાંથી રેતીચોરીની ફરિયાદ બાદ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ દોડતા થયા છે શેત્રુંજી નદીમાં દરોડાની કામગીરી હાથ ધરી હતી. જેમા દરોડા દરમિયાન બે ટ્રેક્ટર સાથે ખનન માફિયા રેતી ચોરી કરતા ઝડપાયા હતા. ખાણ ખનિજ વિભાગના અધિકારીઓએ રેતી ચોરી કરતા માફિયા સામે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને ૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.અમરેલીમાં રેત માફિયા સામે ખાણ ખનિજ વિભાગે તવાઈ બોલાવી છે. શેત્રુંજી નદીમાંથી રેતી ચોરીની ફરિયાદ બાદ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓએ દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન બે ટ્રેક્ટર સાથે ખનન માફિયાઓ રેતી કરતા ઝડપાયા હતા. આંબા અને ચાપાથલના શેત્રુંજી નદી વિસ્તારમાંથી રેતી ચોરી કરવામાં આવી રહી હતી. આ ઘટનાને પગલે ખાણ ખનિજ વિભાગના અધિકારીઓએ રેતી માફિયા સામે કાર્યવાહી કરતા રેત ચોરોમાં ફફડાટ ફેલાયો છે અને ૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.. થોડા દિવસ અગાઉ શેત્રુંજી નદીમાંથી રેતી ચોરીના સીસીટીવી સામે આવ્યા હતા.

### બનાસકાંઠામાં મધ્યાહન ભોજન માટેના દાળના સેમ્પલ ફેલ

। બનાસકાંઠા, તા.૨૧ ।

બનાસકાંઠા જિલ્લાના વાવમાં મધ્યાહન ભોજન યોજના માટેની દાળના જથ્થાના સેમ્પલ ફેલ નિવડ્યા છે. દાળના જથ્થાનુ વિતરણ મધ્યાહન ભોજન માટે વિતરણ કરવામાં આવે એ પહેલા જ લેવામાં આવેલા સેમ્પલ ફેલ થવાને લઈ હાલ તો જથ્થો સ્થગિત કરી દેવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાતના છેવાડાના વિસ્તાર ગણાતા વાવ વિસ્તારમાં આ પ્રકારે નિમ્ન ગુણવત્તા ધરાવતો જથ્થો ફાળવી દેવાના સમાચારને લઈ સ્થાનિક વિસ્તારમાં એજન્સીઓ સામે રોષ વ્યાપ્યો છે. બનાસકાંઠા જિલ્લાના વાવમાં મધ્યાહન ભોજન યોજના માટેની દાળના જથ્થાના સેમ્પલ ફેલ નિવડ્યા છે. દાળના જથ્થાનુ વિતરણ મધ્યાહન ભોજન માટે વિતરણ કરવામાં આવે એ પહેલા જ લેવામાં આવેલા સેમ્પલ ફેલ થવાને લઈ હાલ તો જથ્થો સ્થગિત કરી દેવામાં આવ્યો છે. ઉત્તર ગુજરાતના છેવાડાના વિસ્તાર ગણાતા વાવ વિસ્તારમાં આ પ્રકારે નિમ્ન ગુણવત્તા ધરાવતો જથ્થો ફાળવી દેવાના સમાચારને લઈ સ્થાનિક વિસ્તારમાં એજન્સીઓ સામે રોષ વ્યાપ્યો છે. હાલમાં બીમારીનુ પ્રમાણ ડબલ ઋતુને લઈ બાળકોમાં વધારે છે, એવા સંજોગોમાં હવે બાળકો માટેના ભોજનનો અનાજ અને કઠોળનો પૂરવઠો નબળી ગુણવત્તાનો ફાળવણી કરવામાં આવ્યો છે.

**સુરત યુનિવર્સીટીની સમરસ હોસ્ટેલની ઘટના**

# હોસ્ટેલમાં દાળનો સ્વાદ પસંદ ન આવતા ત્રણ વિદ્યાર્થીઓને માર મરાયા

**આદિવાસી વિદ્યાર્થીઓ હુમલાની ઘટના બાબતે પોલીસને ફરિયાદ કરવા વેસુ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા**

। સુરત, તા.૨૧ ।

સુરત યુનિવર્સીટીની સમરસ હોસ્ટેલમાં દાળનો સ્વાદ પસંદ ન આવવાની સામાન્ય બાબતમાં થયેલી ત્રણ વિદ્યાર્થીઓને માર મારવાની ઘટના સામે આવી છે. આદિવાસી વિદ્યાર્થીઓને માર મારવામાં આવ્યો હતો. આદિવાસી વિદ્યાર્થીઓ હુમલાની ઘટના બાબતે પોલીસને ફરિયાદ કરવા વેસુ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.આ મામલો આગામી સમયમાં વિવાદનું સ્વરૂપ ધારણ કરી શકે છે. ઘટનામાં હજુ સુધી કોઈ ધરપકડના કે કાર્યવાહીના અહેવાલ સાંપડ્યા નથી કે પોલીસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.સુરત યુનિવર્સીટીની સમરસ હોસ્ટેલમાં દાળનો સ્વાદ પસંદ ન આવવાની સામાન્ય બાબતમાં થયેલી ત્રણ વિદ્યાર્થીઓને માર મારવાની ઘટના સામે આવી છે. આદિવાસી વિદ્યાર્થીઓને માર મારવામાં આવ્યો હતો. આદિવાસી વિદ્યાર્થીઓ હુમલાની ઘટના બાબતે પોલીસને ફરિયાદ કરવા વેસુ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ સુરત યુનિવર્સીટી હોસ્ટેલમાં આદિવાસી વિદ્યાર્થીઓને માર મારવામાં આવ્યો છે. આદિવાસી વિદ્યાર્થીઓ મારામારીની ફરિયાદ સાથે વેસુ પોલીસ પાસે પહોંચ્યા હતા. સુરત યુનિવર્સીટીની સમરસ હોસ્ટેલની કેન્ટીનમાં તીખી- મીઠી દાળ મુદ્દે ૩ વિદ્યાર્થી પર હુમલો થયો હતો. માત્ર દાળનો સ્વાદ પસંદ ન આવવાની તકરારમાં મારમારીનો મામલો હાલ તંત્રના ગળે ઉતરી રહ્યો નથી. મારામારીની ઘટનામાં જે વિદ્યાર્થીઓને ઈજા પહોંચી હતી તેઓને સારવાર અર્થે સિવિલમાં ખસેડાયા હતા. મોડી સાંજે આદીવાસીઓ એકઠા થઈને વેસુ પોલીસ મથકે રજુઆત પણ કરી હતી. હુમલો કરનારા વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધવા માંગણી પણ કરવામાં આવી હતી. મોડી સાંજે આદીવાસીઓ એકઠા થઈને વેસુ પોલીસ મથકે રજુઆત પણ કરી હતી. હુમલો કરનારા વિદ્યાર્થીઓ સામે ગુનો નોંધવા માંગણી પણ કરવામાં આવી હતી.



**રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે**

# મહિલાએ પતિ અને બે સંતાનોને તરછોડી પ્રેમી સાથે કર્યા લગ્ન

**દોઢેક માસ પહેલા પત્નીએ તેમને કોલ કરી કહ્યું કે હાલ હું ભારતીનગરમાં રહું છું, મારો પ્રેમી જગદીશ મને અને પુત્રને મૂકીને જતો રહ્યો છે**

। રાજકોટ, તા.૨૧ ।

રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રાજકોટમાં એક મહિલાએ પતિ અને બે સંતાનોને તરછોડી પ્રેમી સાથે લગ્ન કરી લીધા બાદ પ્રેમીએ તરછોડી દેતા ફરીથી પહેલા પતિ પાસે જઈ લવમેરેજના કાગળો બાબતે ઝગડો થતાં પતિને છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. ઘાયલ પતિએ દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો છે. જો કે જે તે વખતે જ પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી તપાસના અંતે તેને જેલહવાલે કરી દીધી હતી. ગાંધીગ્રામના ભારતીનગર શેરી નં. ૬માં ભાડેથી રહેતા ભવાન રવજીભાઈ નકુમ (ઉ.વ. ૪૫)મૂળ જામનગરના ખીલ્લોસ ગામના વતની હતા.પ્લમ્બીંગ કામ કરી પત્ની અને બે સંતાનો સાથેના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દસેક વર્ષ પહેલા રામાપીર ચોકડી પાસે આવેલા શાસ્ત્રીનગરમાં ભાડાના મકાનમાં રહેતા હતા ત્યારે પડોશમાં રહેતા જગદીશ સાથે તેની પત્નીને પ્રેમ થઈ ગયો હતો. જેથી પત્ની છ વર્ષ પહેલા જગદીશ સાથે ભાગી ગઈ હતી. ત્યારબાદ તેઓ પુત્ર અને પુત્રી સાથે રહેતો હતો. અચાનક દોઢેક માસ પહેલા પત્નીએ તેમને કોલ કરી કહ્યું કે હાલ હું ભારતીનગરમાં રહું છું, મારો પ્રેમી જગદીશ મને અને પુત્રને મૂકીને જતો રહ્યો છે.



જેથી તમે આપણા બાળકો સાથે મારી સાથે રહેવા આવી જાવ. પરિણામે ભવાન તૈયાર થઈ ગયો હતો અને બંને સંતાનોને લઈ પત્ની સાથે ભારતીનગરમાં રહેવા જતો રહ્યો હતો. ૧૧ સપ્ટેમ્બરના રોજ રાત્રે ભવાન મજૂરી કરી ઘરે આવ્યા બાદ પત્ની સાથે ગાંધીગ્રામમાં શાકભાજી લેવા ગયો હતો. પરત આવી જમીને ખાટલા પર આરામ કરતો હતો ત્યારે પત્નીએ માળિયા ઉપરથી સૂટકેસ ઉતારી કાગળો શોધતી હતી. તેણે ભવાનને કહ્યું કે મારા અને જગદીશના લવમેરેજના કાગળો મેં સૂટકેસમાં રાખ્યા હતા, જે હવે દેખાતા નથી, તમે ક્યાં મૂક્યા છે. જેથી ભવાને કહ્યું કે મને કાગળોની કાંઈ ખબર નથી. આ વાત સાંભળી પત્ની ઉશ્કેરાઈ ગઈ હતી અને કહ્યું કે કાગળો આપી દો નહીંતર હું આપણા પુત્રને મારી નાખીશ. ત્યારબાદ તેણી પુત્રને મારવા જતાં ભવાન આડો ઉભો રહી ગયો હતો. પત્નીએ સૂટકેસમાંથી છરી કાઢી તેનો ખૂન્નસપૂર્વકનો ઘા કરતાં લોહીલુહાણ થઈ ગયો હતો. જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયો હતો. મામલો ઘરનો હોવાથી ભવાને શરૂઆતમાં તેના ભાઈઓ ભાણજી અને નવિનને આ વાત કરી ન હતી. આખરે તેણે બંને ભાઈઓને સત્ય હકીકત જણાવ્યા બાદ પોલીસને જાણ કરવા મોકલ્યા હતાં.

# આણંદ શહેરમાં નવરાત્રીની ધુમ





આણંદ જિલ્લાના અમારા ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતના આણંદ ખાતેના પત્રકાર મનીષ પ્રજાપતિએ નવરાત્રીમાં આરતીનો લાભ લિધેલ તેમના મિત્રો સાથે...



। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૨૧ ।

આણંદ શહેરમાં અંબાની નવરાત્રી ધામધૂમથી ઉજવાઈ રહેલ છે તેમજ જિલ્લામાં અનેક જગ્યાયે શેરી ગરબાનું પણ આયોજન કરીને નાના શેરી ગરબા જોવા મળી રહેલ છે, આણંદમાં વિ.નગર રોડ યુવક મંડળ દ્વારા તેમજ હારતકિલર ગ્રુપ દ્વારા આયોજિત મોટી નવરાત્રી થઈ રહેલ છે જ્યા નવયુવકોમાંના ગરબામાં પુરી રાત ઝૂમિને ગરબા ગઈ રહેલ છે હવે દરેક યુવાન ગ્રુપ પોતાનો એક અલગ પ્રકારનો ડ્રેસ કોડમાં ગ્રુપ બનાવીને ગરબામાં ગૂમી રહેલ છે હાલમાં તેવા મોટા ગ્રુપ સાથે અમારા ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતના આણંદ ખાતેના પત્રકાર મનીષ પ્રજાપતિ, સાથે ગ્રુપ મુલાકાત થઈ હતી, અને તેમને વધુ ઉત્સાહિત કરાવ્યા હતા...





**વ્યાજના વિષચક્રમાં વધુ એક પરિવાર વિખેરાયો**

# બોટાદમાં વ્યાજખોરોના ત્રાસથી હિરા દલાલે ઝેરી દવા પી આપઘાત કર્યો

। બોટાદ, તા.૨૧ ।

સુસાઈડ નોટમાં ઉલ્લેખ છે કે, હિરા દલાલને દેવું થઈ જતા ૯ જેટલા વ્યાજખોરો પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. આ રૂપિયાની સમયસર ભરપાઈ પણ કરી દીધી હતી. રૂપિયા આપી દીધા હોવા છતાં વ્યાજખોરો વારંવાર ધમકી આપતા હતા. એટલું જ નહીં વધુ રૂપિયાની માગ કરતા હતા. તેથી વારંવારની હેરાનગતિથી કંટાળી આપઘાત કર્યો છે. સાથે સાથે નવ શખ્સો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માગ કરી છે. બોટાદમાં વ્યાજખોરોના ત્રાસથી એક હિરા દલાલે ઝેરી દવા પી આપઘાત કરી લીધો છે. ઘરના મોભીના આપઘાતથી પરિવાર નિરાધાર બન્યો છે. મૃતક પાસેથી મળી આવેલી સુસાઈડ નોટમાં ૯ વ્યાજખોરોના નામનો ઉલ્લેખ કરાયો છે. સુસાઈડ નોટમાં ઉલ્લેખ છે કે, હિરા દલાલને દેવું થઈ જતા ૯ જેટલા વ્યાજખોરો પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. આ રૂપિયાની સમયસર ભરપાઈ પણ કરી દીધી હતી.રૂપિયા આપી દીધા હોવા છતાં વ્યાજખોરો વારંવાર ધમકી આપતા હતા. એટલું જ નહીં વધુ રૂપિયાની માગ કરતા હતા. તેથી વારંવારની હેરાનગતિથી કંટાળી આપઘાત કર્યો છે. સાથે સાથે નવ શખ્સો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માગ કરી છે. તો બીજી તરફ મૃતકની પત્નીએ ૯ વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર

ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

દરેક બનતી ઘટનાઓ ઉપર નજર
રોજ સમાચાર પત્રની પિડીએફ ફાઈલ
દેશ અને દુનિયાના દરેક સમાચારો
રાજ્યના દરેક ખુણામાં પત્રકારો
વેબસાઈટ, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ,
ટેલીગ્રામ દરેક ડિજીટલ પ્લેટફોર્મ ઉપર
www.cnngujarat.com
દેશ અને દુનિયાના સમાચાર
હવે તમારી એક આંગળીના
ઈશારા ઉપર...


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨